# BMM
## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of the post** | **State Tax Inspector, Class-3** |
| **Advertisement No.** | **154/2024-25** |
| **Preliminary Test Held On** | **06-04-2025** |
| **Que. No** | **001-200** |
| **Publish Date** | **09-04-2025** |
| **Last Date to Send Suggestion (s)** | **16-04-2025** |

**THE LINK FOR ONLINE OBJECTION SYSTEM WILL START FROM 10-04-2025; 10:00 AM ONWARDS**

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) Candidates have to pay fees of Rs.100/- for each objection. The fees can be paid from the link given herewith.

(2) The Candidate will be able to submit objection only after payment of the fees. The generation of the receipt will only be considered as final submission.

(3) The Candidate must retain the receipt of the payment of the fees. The fees, once paid, will not be refunded under any circumstances.

(4) All the objections should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical or submission through any other means will not be considered.

(5) All objections are to be submitted with reference to the Master Question Paper published with provisional answer key, published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question No. & options of the Master Question Paper. Objections regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(6) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted objections are differed.

(7) Supportive document to the objection must be uploaded, without which objection will not be considered.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે દરેક વાંધા દીઠ રૂપિયા ૧૦૦/-ફી ભરવાની રહેશે. જે ફી આ સાથે આપેલ લીંક ઉપરથી ભરી શકાશે.

(2) ફી ભર્યા બાદ જ વાંધો સબમીટ થઈ શક્શે. ફી ભર્યાની આખરી પહોંચ જ આખરી સબમીશન ગણાશે.

(3) ફી ભર્યાની પહોંચ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે. એક વાર ભરેલ ફી કોઈ પણ પરિસ્થિતિમાં પરત આપવામાં આવશે નહિ.

(4) વાંધા ફક્ત **ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન સીસ્ટમ** દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ, ટપાલ અથવા ઈ-મેઈલ કે અન્ય કોઈ રીતે આયોગને મોકલવામાં આવેલ વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

(5) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતાં, તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર) ના પ્રશ્નક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા. માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં.

(6) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા ધ્યાને લેવાશે નહીં.

(7) વાંધા માટે સંદર્ભ જોડવો આવશ્યક છે, જેના વિના વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં.

Website link for online objection submission system: https://www.formonline.co.in/GPSC_TRACK/SearchPage.aspx

1. સંસ્કૃત ભાષા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
   1. સંસ્કૃતને 'આર્યોની ભાષા', 'ઋષિઓની ભાષા' કે 'વિદ્વાનોની ભાષા' કહે છે.
   2. મહર્ષિ પાણિની સંસ્કૃત ભાષાના મહાન વ્યાકરણશાસ્ત્રી હતા.
   ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
   (A) ફક્ત 1 (B) ફક્ત 2
   (C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

2. સ્તૂપ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
   1. સ્તૂપ એટલે ગૌતમ બુદ્ધ સંબંધિત અવશેષોની પવિત્ર જગ્યા
   2. સાંચી અને સારનાથમાં આવા સ્તૂપો આવેલા છે.
   ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
   (A) ફક્ત 1 (B) ફક્ત 2
   (C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

3. 'વંદે માતરમ્' ગીત વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
   1. તેની રચના રવીન્દ્રનાથ ટાગોરે કરી હતી.
   2. તે 'આનંદમઠ' નામની નવલકથામાંથી લેવામાં આવ્યું છે.
   ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
   (A) ફક્ત 1 (B) ફક્ત 2
   (C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

4. પારસીઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
   1. આરબોના આક્રમણથી ભાગીને તેઓ ઈરાનથી ભારત આવ્યા હતાં.
   2. તેઓ પર્સિયાથી આવ્યા હોવાથી પારસી કહેવાયા.
   ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
   (A) ફક્ત 1 (B) ફક્ત 2
   (C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

5. મધ્યકાલીન સ્થાપત્ય વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
   1. કુતબુદ્દીન ઐબકે દિલ્લીમાં કુતુબમિનારનું નિર્માણ શરુ કરાવ્યું હતું.
   2. કુતબુદ્દીન ઐબકે દિલ્લીમાં 'ઢાઈ-દિનકા-ઝોંપડા' નામની મસ્જિદનું નિર્માણ કરાવ્યું હતું.
   ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
   (A) ફક્ત 1 (B) ફક્ત 2
   (C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

6. કાષ્ટકલા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. સંખેડાનું ફર્નિચર અને હિંચકો કાષ્ટકલાના ઉદાહરણો છે.
2. નડિયાદનાં રમકડાં કાષ્ટકલા માટે જાણીતા છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

7. મણિપુરી નૃત્ય વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. મણિપુરી નૃત્યશૈલી શ્રીકૃષ્ણની બાળલીલા પર આધારિત છે.
2. નયના ઝવેરી અને નિર્મલા મહેતાએ મણિપુરી નૃત્યનો વારસો જાળવી રાખ્યો છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

8. શંકરાચાર્યે સ્થાપેલા ચાર મઠો અંગે નીચે પૈકી કયો વિકલ્પ સાચો છે? Cancelled
(A) દ્વારકા, બદ્રીનાથ, કાંચી, જગન્નાથપુરી
(B) સોમનાથ, કૈલાસ, કાંચી, જગન્નાથપુરી
(C) દ્વારકા, કેદારનાથ, કાંચી, ગૌહાટી
(D) સોમનાથ, કેદારનાથ, કાલડી, જગન્નાથપુરી

9. નીચે આપેલાં જૈન ધર્મનાં વ્રત ધ્યાને લો:
1. અહિંસા
2. અસ્તેય
3. સાદગી
4. સત્ય
5. બ્રહ્મચર્ય
6. વિચરણ
7. અપરિગ્રહ
ઉપર પૈકી જૈન ધર્મના વ્રતોનો વિકલ્પ પસંદ કરો:
(A) ઉપરોક્ત બધાં જ
(B) ફક્ત 1, 2, 4, 5 અને 7
(C) ફક્ત 1, 2, 4, 6, અને 7
(D) ફક્ત 1, 4 અને 5

10. બકસરના યુદ્ધ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. તે અંગ્રેજો અને મીરકાસીમ વચ્ચે લડાયું હતું.
2. તે અંગ્રેજો અને મીરકાસીમ, સુજા-ઉદ્-દૌલા અને શાહઆલમ વચ્ચે લડાયું હતું.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

11. ડેલહાઉસી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેણે ખાલસાનીતિ અમલમાં મૂકી હતી.

2. તેણે ભારતમાં રેલવે તથા તારની શરૂઆત કરી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

12. ગુજરાતમાં ઉગ્ર ક્રાંતિકારી ચળવળ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની ભૂમિકા તૈયાર કરનાર સર્વ પ્રથમ નેતા શ્રી અરવિંદ ઘોષ હતાં.

2. શ્રી બારીન્દ્રકુમાર ઘોષ ગુજરાત આવ્યા હતા અને તેમને છોટુભાઈ તથા અંબુભાઇ પુરાણી જેવા સાથીઓ મળ્યા હતા.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

13. 'જહાલ' અને 'મવાળ' પક્ષ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સુરતના કોંગ્રસ અધિવેશનમાં 'જહાલ' અને 'મવાળ' એમ બે ભાગલા પડ્યા.

2. લાલ-બાલ-પાલની ત્રિપુટીએ મવાલવાદી નીતિ અપનાવી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

14. ફોર્ટ વિલિયમ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. અંગ્રેજોએ ફોર્ટ વિલિયમની કિલ્લેબંધી કરતાં સિરાજ-ઉદ્-દૌલા રોષે ભરાયો.

2. ફોર્ટ વિલિયમ આજે કોલકાતા તરીકે ઓળખાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

15. નીચેનામાંથી કયાં શાસકોએ 1857ના વિપ્લવમાં અંગ્રેજોને સાથ આપ્યો હતો?

1. હૈદરાબાદના નિઝામ

2. કશ્મીરના રાજા ગુલાબસિંહ

3. નાનાસાહેબ

4. વડોદરાના ગાયકવાડ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1, 3 અને 4
(C) ફક્ત 1, 2 અને 4
(D) 1, 2, 3 અને 4

16. નીચેનામાંથી કયું 1857ના વિપ્લવનું પરિણામ નથી?
(A) નવી ધારાસભામાં હિંદીઓને પ્રથમ વખત સ્થાન
(B) અંગ્રેજોની ખાલસાનીતિનો ત્યાગ
(C) હિંદીઓને લાયકાતના ધોરણે ઊંચા પદો પર નિયુક્તિ
(D) બ્રિટિશ તાજના શાસનનો અંત

17. રાજા રામમોહનરાય વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. તેમણે સતીપ્રથા નાબૂદીના કાયદાનો વિરોધ કર્યો.
2. દિલ્લીના બાદશાહ બહાદુરશાહે તેમને 'રાજા'ની પદવી આપી હતી.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

18. નીચે આપેલાં જોડકાંને યોગ્ય રીતે જોડતો વિકલ્પ પસંદ કરો:

| ક | ખ |
|---|---|
| 1. રાજા રામમોહનરાય | a. સત્યશોધક સમાજની સ્થાપના |
| 2. જ્યોતિબા ફુલે | b. વેદ તરફ પાછા વળો |
| 3. દયાનંદ સરસ્વતી | c. નૂતન ભારતના સંદેશવાહક |
| 4. સ્વામી વિવેકાનંદ | d. ભારતીય નવજાગૃતિના અગ્રદૂત |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | 1 | 2 | 3 | 4 |
|---|---|---|---|---|
| (A) | c | d | a | b |
| (B) | d | a | b | c |
| (C) | b | d | a | c |
| (D) | d | c | a | b |

19. બનારસ હિન્દુ યુનિવર્સિટી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. તેની સ્થાપના એની બેસન્ટે 'સેન્ટ્રલ હિન્દુ સ્કૂલ' નામે કરી હતી.
2. જે પાછળથી બનારસ હિન્દુ યુનિવર્સિટીના રૂપમાં ફેરવાઈ ગઈ.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

20. હિંદી રાષ્ટ્રીય મહાસભા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. તેનું પ્રથમ અધિવેશન મુંબઇમાં મળ્યું હતું.
2. તેમાં આજીવન મહામંત્રીપદે ગાંધીજીની નિમણૂક કરવામાં આવી હતી.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

21. વાઈસરૉય મિન્ટો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. તેની પર અમદાવાદમાં બોમ્બ ફેંકાયા હતા.
2. બોમ્બ ફેંકનારાઓમાં 'ડુંગળીચોર' પણ હતા.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

22. નીચે આપેલાં જોડકાંને યોગ્ય રીતે જોડતો વિકલ્પ પસંદ કરો:

| ક | ખ |
|---|---|
| 1. દાદાભાઈ નવરોજી | a. મરાઠા અને કેસરી |
| 2. લોકમાન્ય તિલક | b. પ્રબુદ્ધ ભારત |
| 3. ગાંધીજી | c. હરિજન અને યંગ ઈન્ડિયા |
| 4. સ્વામી વિવેકાનંદ | d. રાસ્તગોફતાર |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | 1 | 2 | 3 | 4 |
|---|---|---|---|---|
| (A) | a | b | c | d |
| (B) | b | a | d | c |
| (C) | d | a | b | c |
| (D) | d | a | c | b |

23. "ઇંગ્લેન્ડે ભારત જીત્યું નથી પરંતુ ભારતીયોએ સોનાની તાસકમાં ભારત ઈંગ્લેન્ડને ભેટમાં આપ્યું હતું." આ વિધાન કોનું છે?
(A) જવાહરલાલ નહેરુ
(B) સરદાર વલ્લભભાઈ
(C) ડો. આંબેડકર
(D) ગાંધીજી

24. ભારતમાં અંગ્રેજોના આગમન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. રાણી વિક્ટોરિયાએ પૂર્વના દેશો સાથે વેપાર કરવાનો પરવાનો ઈ. સ. 1600માં આપ્યો.
2. આ પરવાનાથી ઇંગ્લેન્ડની અનેક કંપનીઓને ભારતમાં વેપારનો પરવાનો મળી ગયો.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

25. ટીપુ સુલતાન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. ટીપુ સુલતાનને અંગ્રેજો સાથે ઘનિષ્ઠ સંબંધો હતા, એમની મદદથી તેણે સેનાનું આધુનિકીકરણ કર્યું હતું.
2. શ્રીરંગપટ્ટનમની આખરી લડાઈમાં ટીપુ સુલતાનનું મૃત્યુ થયું હતું.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ


[Contd.

26. બ્રાહ્મી લિપિ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. ભારતીય ભાષામાં વપરાતી લગભગ બધી લિપિનું મૂળ બ્રાહ્મી લિપિમાં છે.
2. બ્રાહ્મી લિપીનો ઉપયોગ અશોકના શિલાલેખોમાં થયો છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

27. અવધે 1857ના વિપ્લવમાં ભાગ લીધો કારણ કે...
1. અંગ્રેજોએ અવધમાં કુશાસનનું બહાનું બનાવી અવધને ખાલસા કર્યું.
2. નવાબને ગાદી પરથી ઉઠાડી મૂકતાં લોકો ગુસ્સે ભરાયા.
ઉપર પૈકી કયું/કયાં કારણ/કારણો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

28. ઈ. પૂ. છઠ્ઠીથી ચોથી સદીમાં મગધ સૌથી શક્તિશાળી મહાજનપદ બન્યું કારણ કે...
1. મગધમાં ખેતીની ઉપજ સારી હતી.
2. મગધમાં લોખંડ મોટા પ્રમાણમાં મળતું હતું.
3. જંગલોમાં હાથીનું પ્રમાણ ખૂબ હતું. જે સેના માટે મહત્વપૂર્ણ હતું.
4. ગંગા અને તેની ઉપનદીઓમાં આવાગમન સરળ અને સસ્તું હતું.
ઉપર પૈકી કયાં કારણો સાચાં છે?

(A) ફક્ત 1 અને 4
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2, 3 અને 4

29. નીચે આપેલા પૈકી કયું/ ક્યાં મૌર્યવંશની જાણકારીના સ્રોત છે?
1. ચંદ્રગુપ્તનું જીવનચરિત્ર
2. કૌટિલ્યનું અર્થશાસ્ત્ર
3. અશોકના શિલાલેખો
નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2 અને 3
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 3
(D) 1, 2, અને 3

30. નીચે આપેલા બનાવોના સમય સંદર્ભે કાલક્રમનો યોગ્ય વિકલ્પ પસંદ કરો:
1. ગુપ્ત શાસનનો આરંભ
2. મૌર્ય શાસનનો અંત
3. સમુદ્રગુપ્તનો કાર્યકાળ
4. ચંદ્રગુપ્ત બીજાનો કાર્યકાળ સાશન

(A) 1, 2, 3, 4
(B) 2, 1, 3, 4
(C) 3, 4, 2, 1
(D) 2, 3, 4, 1

31. ભારતીય બંધારણ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતના મહાલેખાંગાર તથા ભારતમાં એટર્ની જનરલની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

2. બંનેને સમાન રીતે રાષ્ટ્રપતિ દૂર પણ કરી શકે છે

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

32. ધોરણ પાંચમા ભણતો એક ભારતીય વિદ્યાર્થી લોકસભાની ચૂંટણીમાં કયાં કારણથી મતદાન કરી શકતો નથી?

1. નિમ્ન શિક્ષણ

2. સગીર વય

3. મતદાર યાદીમાં નામ નોંધણીનો અભાવ

ઉપર પૈકી કયું/કયાં કારણ /કારણો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

33. ભારતના બંધારણ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. 1976 માં કટોકટી શાસન દરમિયાન બંધારણના 42મા સુધારા દ્વારા આમુખમાં 'સમાજવાદી' શબ્દ ઉમેરવામાં આવ્યો છે

2. 1976ના 42મા બંધારણીય સુધારાથી આમુખમાં 'બિનસાંપ્રદાયિક્તા' શબ્દ ઉમેરવામાં આવ્યો છે

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

34. ભારતમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાના વિભાજનની યાદી અને વિષયો વિશે નીચે આપેલાં જોડકાં જોડો:

| યાદી | વિષયો |
|---|---|
| 1. કેન્દ્ર (સંઘ) યાદી | a. કાયદો અને વ્યવસ્થા, આરોગ્ય |
| 2. રાજ્યોની યાદી | b. લગ્ન, છૂટાછેડા, શિક્ષણ |
| 3. સંયુક્ત યાદી | c. નાણું, વીમો, ટપાલ |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | 1 | 2 | 3 |
|---|---|---|---|
| (A) | b | c | a |
| (B) | c | a | b |
| (C) | b | a | c |
| (D) | c | b | a |

 [Contd.

35. ભારતના બંધારણમાં સંયુક્ત યાદીના વિષયો અંગે કેન્દ્ર અને રાજ્યોની સત્તા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સંયુક્ત યાદીના વિષયો પર કાયદો ઘડવાની સત્તા કેન્દ્ર અને રાજ્યો બંને ધરાવે છે.

2. જ્યારે આ વિષયો અંગે કેન્દ્ર અને રાજ્યોના કાયદા વચ્ચે વિવાદ ઊભો થાય ત્યારે કેન્દ્રનો કાયદો ચડિયાતો અને સર્વોપરી ગણાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

36. શેષ સત્તા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના સંયુક્ત વિષયોના વિવાદમાં નિર્ણય કરવાની સત્તાને શેષ સત્તા કહે છે.

2. શેષ સત્તાઓમાં કાયદો ઘડવાની કે તેમાં ફેરફાર કરવાની સત્તા કેન્દ્ર સરકારને (સંસદ) છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

37. સંસદ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. લોકસભા એ કાયમી ગૃહ નથી એટલે તેનો સભ્ય પાંચ વર્ષ સુધી સામાન્યત: સભ્યપદ પર રહે છે.

2. રાજ્યસભા એ કાયમી ગૃહ છે એટલે તેનો સભ્ય કાયમ સભ્યપદ પર રહે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

38. નિવારક અટકાયત વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. નિવારક અટકાયત ધારા હેઠળ ગુનો કર્યા સિવાય પણ કોઈ વ્યક્તિની ધરપકડ થઈ શકે છે.

2. નિવારક અટકાયત ધારા હેઠળના હુકમને કોઈ રદ કરી શકતું નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

39. વાણી અને અભિવ્યક્તિ સ્વતંત્રતાના હક વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. લેખિત, મૌખિક કે આંગિક અભિનય થકી આ હક ભોગવી શકાય છે.

2. આ હક અનુસાર શિષ્ટતાનો ભંગ થાય તો પણ રાજ્ય તેના પર નિયંત્રણ લાદી શકતું નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

40. શોષણ વિરુદ્ધ અધિકારના હક વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રાજ્યને જાહેર હેતુઓ માટે ફરજિયાતપણે વ્યક્તિ પાસે સેવા લેવાનો અધિકાર નથી.

2. રાજ્ય લશ્કરી સેવા કે રાષ્ટ્રીય ફરજોની સેવા વેતન વિના લઈ શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

41. રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેનો અમલ કરવા રાજ્યની સરકારો બંધાયેલી નથી.

2. આ સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખીને નીતિઓ ઘડવાની અને તેનો અમલ કરવાની રાજ્યની નૈતિક ફરજ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

42. નીચેનામાંથી કયો રાજનીતિનો માર્ગદર્શક સિદ્ધાંત 2009થી મૂળભૂત હક બન્યો છે?

(A) સૌ નાગરિકોને કામ

(B) 14 વર્ષ સુધીના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ

(C) મફત કાનૂની સહાય

(D) કારખાનાના પ્રબંધનમાં કામદારોની ભાગીદારી

43. ભારતના બંધારણ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ધારાસભા અને કારોબારી વચ્ચે પરસ્પર સંબંધ છે.

2. ન્યાયતંત્ર અલગ, સ્વતંત્ર અને નિષ્પક્ષ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

44. ભારતીય ન્યાયતંત્ર વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સંસદે ઘડેલા કાયદાઓને અદાલતમાં પડકારી શકાય છે.

2. રાષ્ટ્રપતિએ લોકસભાનું વિસર્જન કર્યું હોય તો તે પગલાંને અદાલતમાં પડકારી શકાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

45. રાજ્યસભાના સભ્ય વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. જો કોઈ મંત્રી રાજ્યસભાનો સભ્ય હોય તો તે લોકસભામાં સંબોધન કરી શકતો નથી.
2. જો કોઈ મંત્રી રાજ્યસભાનો સભ્ય હોય તો તે લોકસભામાં મતદાન સમયે મતદાન કરી શકતો નથી.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

46. સંસદની કાર્યસાધક સંખ્યા (કોરમ) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. લોકસભામાં ગૃહનું કામ હાથ ધરવા અને ચાલુ રાખવા 55 સભ્યોની હાજરી જરૂરી ગણાય.
2. રાજ્યસભામાં ગૃહનું કામ હાથ ધરવા અને ચાલુ રાખવા 25 સભ્યોની હાજરી જરૂરી ગણાય.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

47. ભારતની સંસદના સભ્યપદ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. લોકસભાનો સભ્ય એક સાથે બે ગૃહો (લોકસભા અને રાજ્યસભા)નો સભ્ય રહી શકે છે.
2. રાજ્યસભાનો સભ્ય એક સાથે બે ગૃહો (લોકસભા અને રાજ્યસભા)નો સભ્ય રહી શકતો નથી.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

48. ભારતની સંસદ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. સંસદના બંને ગૃહોની કાર્યવાહી અંગ્રેજી કે હિન્દીમાં થઈ શકે છે.
2. અધ્યક્ષ કોઈ સભ્યને માતૃભાષામાં સંબોધવાની પરવાનગી આપી શકે છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

49. ભારતની સંસદની કાર્યવાહીમાં અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ગેરહાજર હોય તો...
(A) ગૃહની કાર્યવાહી સ્થગિત કરવામાં આવે છે.
(B) સંસદીય બાબતોના કેબિનેટકક્ષાના મંત્રી ગૃહનું કામકાજ સંભાળે છે.
(C) સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રી ગૃહનું કામકાજ સંભાળે છે.
(D) સ્પીકર્સ પેનલના સભ્યો પૈકી કોઈ એક ગૃહનું કામકાજ સંભાળે છે.

50. જો કોઈ લોકસભાનો સભ્ય અધ્યક્ષની પરવાનગી વિના સતત 60 (સાઠ) દિવસ સુધી ગેરહાજર રહે તો...
(A) તેની બેઠક ખાલી થયેલી ગણાય.
(B) તેને આગામી એક સત્ર માટે બરતરફ કરવામાં આવે છે.
(C) સત્રની રજાઓ દરમિયાનના પગાર અને ભથ્થાં કાપી લેવામાં આવે છે.
(D) કોઈ પગલાં ભરવામાં આવતા નથી.

51. વિધાનસભા અને વિધાન પરિષદ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. વિધાનસભાના સભ્યપદ માટે 25 વર્ષ કે તેથી વધુ વય જરૂરી છે.

2. વિધાન પરિષદના સભ્યપદ માટે 30 વર્ષ કે તેથી વધુ વય જરૂરી છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

52. ભારતના બંધારણ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. બંધારણની આઠમી અનુસૂચિમાં દેશની વિવિધ ભાષાઓનો સમાવેશ થાય છે.

2. મૂળ બંધારણમાં કુલ આઠ અનુસૂચિઓ હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

53. ભારતના બંધારણ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. મૂળ બંધારણમાં મિલકતનો અધિકાર મૂળભૂત અધિકાર હતો.

2. પ્રથમ બંધારણીય સુધારાથી જ મિલકતના અધિકારમાં કાપ મુકવામાં આવ્યો હતો

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

54. ભારતના બંધારણ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કટોકટીની જોગવાઈ મૂળ બંધારણમાં હતી.

2. 42મા બંધારણીય સુધારાથી કટોકટીની જોગવાઈ બંધારણમાં પ્રથમ વખત દાખલ કરવામાં આવી હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

55. ઉપરાષ્ટ્રપતિ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેઓ રાજ્યસભાના સભ્ય હોય છે.

2. રાષ્ટ્રપતિની જગ્યા ખાલી પડતાં તેઓ વધુમાં વધુ ત્રણ માસ માટે રાષ્ટ્રપતિના હોદ્દાની જવાબદારી સંભાળી શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

56. ભારતના બંધારણ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. વડાપ્રધાન જેની ભલામણ કરે તેને જ રાષ્ટ્રપતિ પ્રધાન તરીકે નિયુક્ત કરે છે.

2. પ્રધાનોનાં ખાતાં બદલવા માટે રાષ્ટ્રપતિને વડાપ્રધાનની ભલામણની આવશ્યકતા નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

57. ભારતના વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રાજ્યના રાજ્યપાલની નિમણૂક વડાપ્રધાન કરે છે.

2. રાજ્યના મુખ્યમંત્રીની નિમણૂક વડાપ્રધાન કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

58. બંધારણીય સુધારા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. બંધારણીય સુધારાનો ખરડો સંસદના કોઈપણ ગૃહમાં દાખલ કરી શકાય છે.

2. કોઈપણ બંધારણીય સુધારા માટે રાજ્યોની વિધાનસભાઓની સહમતિની આવશ્યકતા નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

59. રાજ્યની સરહદમાં ફેરફાર વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આવો ખરડો સંસદમાં દાખલ કરવા માટે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી મેળવવી આવશ્યક છે.

2. આવી પૂર્વમંજૂરી આપતા પહેલાં રાષ્ટ્રપતિએ સંબંધિત રાજ્યની વિધાનસભાનો અભિપ્રાય મેળવવો જરૂરી છે અને તે અભિપ્રાય રાષ્ટ્રપતિને બંધનકર્તા છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

60. રાજ્ય જાહેર સેવા આયોગ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રાજ્ય જાહેર સેવા આયોગમાં કેટલા સભ્યો રાખવા તેની સંખ્યા બંધારણે નક્કી કરી નથી.

2. રાજ્ય સેવા આયોગના સભ્યોની નિમણૂક રાજ્યપાલ દ્વારા કરવામાં આવે છે પરંતુ રાજ્યપાલ તેઓને દૂર કરી શકતા નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

61. પૃથ્વીના સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. કેટલાક ખગોળીય પિંડ પાસે પોતાના પ્રકાશ અને ઊર્જા હોય છે.
2. પૃથ્વી આવો જ પોતાના પ્રકાશ અને ઊર્જા ધરાવતો ખગોળીય પિંડ છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

62. શુક્રને પૃથ્વીનો જોડિયો ગ્રહ કહેવાય છે કારણ કે ..
1. તેના પર માનવજીવનની શક્યતા છે.
2. તેનો આકાર અને આકૃતિ પૃથ્વી જેવાં છે .
ઉપર પૈકી કયું/કયાં કારણ/કારણો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

63. પૃથ્વીના ખંડો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. આફ્રિકા ખંડમાંથી કર્કવૃત, વિષુવવૃત અને મકરવૃત પસાર થાય છે.
2. યુરોપ ખંડમાંથી કર્કવૃત, વિષુવવૃત કે મકરવૃત પસાર થતા નથી.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

64. નીચે પૈકી કયું/ક્યાં એન્ટાર્કટિકા ખંડમાં ભારતના શોધ સંસ્થાનોનાં નામ છે?
1. ધરતી
2. પૃથા
નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

65. હિમાલયની પર્વત શ્રેણી અને તેના નામ વિશે નીચે આપેલાં જોડકાં ધ્યાને લો: Cancelled

| શ્રેણી | નામ |
|---|---|
| 1. ઉત્તર હિમાલય | a. હિમાદ્રી |
| 2. મધ્ય હિમાલય | b. હિમાચલ |
| 3. દક્ષિણ હિમાલય | c. શિવાલિક |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | 1 | 2 | 3 |
|---|---|---|---|
| (A) | a | c | b |
| (B) | b | a | c |
| (C) | c | a | b |
| (D) | b | c | a |

66. ભારતની નદીઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ગંગા, બ્રહ્મપુત્ર, મહા અને ગોદાવરી નદીઓ બંગાળની ખાડીને મળે છે.
2. ગંગા, બ્રહ્મપુત્ર, મહા અને ગોદાવરી નદીઓ હિમાલયમાંથી નીકળે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

67. ગંગેય ડોલ્ફિન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે ગંગા અને બ્રહ્મપુત્ર નદીમાં જોવા મળે છે.
2. સ્થાનિક લોકો તેને 'સુસુ' કહે છે.
3. તેની ઉપસ્થિતિથી જળની શુદ્ધતાની ખબર પડે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) 1, 2 અને 3

68. લદાખ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે મહા હિમાલયમાં આવેલો એક ઠંડો રણપ્રદેશ છે.
2. તેની ઉત્તરે કારાકોરમ પર્વત શ્રેણી અને દક્ષિણે જાસ્કર પર્વત આવેલો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

69. નીચેનામાંથી ભારતના કયાં રાજ્યોની સીમા નેપાલને સ્પર્શે છે?

1. ઉત્તરાખંડ
2. ઉત્તરપ્રદેશ
3. બિહાર
4. પ. બંગાળ
5. સિક્કિમ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 1, 2, 3 અને 4
(D) 1, 2, 3, 4 અને 5

70. હડપ્પીય સંસ્કૃતિની ખેતી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કાલીબંગનમાં ખેડેલાં ખેતરોના અવશેષો પ્રાપ્ત થયા છે.
2. બનાવાલીમાં માટીના હળના અવશેષો પ્રાપ્ત થયા છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

71. ઉત્તરના મેદાન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ મેદાન સિંધુ, ગંગા અને બ્રહ્મપુત્ર અને તેની ઉપ નદીઓએ બનાવ્યું છે.

2. વારંવારના પૂરને કારણે આ મેદાનમાં વસ્તીનું પ્રમાણ ખૂબ ઓછું છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

72. તરાઈના જંગલો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભાગલા પછી પાકિસ્તાનથી આવેલા શરણાર્થીઓને ખેતીલાયક જમીન આપવા આ જંગલ કાપવામાં આવેલું.

2. દુધવા રાષ્ટ્રીય ઉદ્યાન આ ક્ષેત્રમાં આવેલો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

73. અરવલ્લીની ગિરિમાળા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે વિશ્વની પ્રાચીનતમ ગિરિમાળાઓ પૈકીની એક છે.

2. માઉન્ટ આબુ એનું સૌથી ઊચું શિખર છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

74. ભારતના ધાર્મિક સમુદાયો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જૈન અને બૌદ્ધ સૌથી નાના ધાર્મિક સમુદાયો છે.

2. સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, લદ્દાખમાં બૌદ્ધ સમુદાયના લોકો વસવાટ કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

75. નીચે આપેલાં જોડકાંને જોડતો યોગ્ય વિકલ્પ પસંદ કરો:

| નગરનો પ્રકાર | ઉદાહરણ |
|---|---|
| 1. પ્રાચીન નગર | a. દિલ્લી, જયપુર, હૈદરાબાદ |
| 2. મધ્યકાલીન નગર | b. સુરત, ગોવા, પુદુચેરી |
| 3. આધુનિક નગર | c. પ્રયાગ, પાટલિપુત્ર, મદુરાઇ |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | 1 | 2 | 3 |
|---|---|---|---|
| (A) | a | c | b |
| (B) | b | a | c |
| (C) | c | a | b |
| (D) | b | c | a |

76. નીચે આપેલાં નગરોના વર્ગીકરણ જૂથને ધ્યાને લો:

1. પ્રશાસનિક નગર : શિલોંગ, ગાંધીનગર, ઇમ્ફાલ
2. ઔદ્યોગિક નગર : ભિલાઈ, હુગલી, જમશેદપુર
3. પરિવહન નગર : ધુલિયા, ઇટારસી, કંડલા
4. સાંસ્કૃતિક નગર : ઉજ્જૈન, મદુરાઇ, વારાણસી

ઉપર પૈકી કયાં જૂથ સાચાં છે?

(A) 1, 2, 3 અને 4
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 3 અને 4
(D) ફક્ત 2 અને 3

77. ભારતીય કૃષિ ઋતુ વિષે નીચેનું કોષ્ટક ધ્યાને લો:

| ક્રમ | કૃષિ ઋતુ | સમય ગાળો | મુખ્ય પાકો |
|---|---|---|---|
| 1 | ખરીફ | જૂનથી સપ્ટેમ્બર | ચોખા, કપાસ, બાજરી, મકાઇ, જુવાર, |
| 2 | રવી | ઓક્ટોબરથી માર્ચ | ઘઉં, ચણા, સરસવ, જવ |
| 3 | જાયદ | એપ્રિલથી જૂન | શાકભાજી, ફળ, ઘાસચારો, |

ઉપર પૈકી કઈ ઋતુઓની વિગતો સાચી છે?

(A) ફક્ત 1 અને 3
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

78. ખેતી આધારિત આનુષંગિક પ્રવૃત્તિઓ ધ્યાને લો:

1. પશુપાલન દ્વારા દૂધ અને તેની બનાવટો તૈયાર કરવી.
2. મરઘાં-બતકાંનો ઉછેર કરી ઈંડા અને માંસ મેળવવું.
3. મધમાખીનો ઉછેર કરી મધ મેળવવું.
4. ડાંગરની ક્યારીઓમાં મત્સ્ય ઉછેર કરવો.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 4
(C) ફક્ત 1, 2 અને 3
(D) 1, 2, 3 અને 4

79. ગૃહઉદ્યોગો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ગૃહઉદ્યોગ એ ઔદ્યોગિક ઉત્પાદનનું સૌથી નાનું સ્વરૂપ છે.
2. મૂડી અને પરિવહન ગૃહઉદ્યોગોને નોંધપાત્ર અસર કરે છે.
3. ગૃહઉદ્યોગોમાં ઉત્પાદન કાર્ય ખૂબ જ મર્યાદિત હોય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

80. નીચે આપેલા જોડકાંને જોડતો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| અ | બ |
|---|---|
| 1. વિશ્વ ઓઝોન દિવસ | a. 21 માર્ચ |
| 2. વિશ્વ પર્યાવરણ દિવસ | b. 22 એપ્રિલ |
| 3. વિશ્વ વન દિવસ | c. 5 જૂન |
| 4. વિશ્વ પૃથ્વી દિવસ | d. 16 સપ્ટેમ્બર |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | 1 | 2 | 3 | 4 |
|---|---|---|---|---|
| (A) | d | b | a | c |
| (B) | d | c | a | b |
| (C) | d | a | c | b |
| (D) | d | c | b | a |

81. ભારતમાં જોવા મળતાં પક્ષીઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. સારસ ભારતમાં જોવા મળતું સૌથી મોટું પક્ષી છે.
2. ફૂલસૂંઘણો ભારતમાં જોવા મળતું સૌથી નાનું પક્ષી છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

82. નીચે આપેલાં જોડકાં ધ્યાને લો.

| અભયારણ્ય | રાજ્ય | વન્યજીવ |
|---|---|---|
| 1. કાઝીરંગા | અસમ | ગેંડા, જંગલી ભેંસ, હરણ |
| 2. થરનું રણ | રાજસ્થાન રણનું વરુ, | રણની બિલાડી, ઘોરાડ |
| 3. કાન્હા | ઉત્તરપ્રદેશ | વાઘ, સાબર |
| 4. બાંદીપુર | કાશ્મીર | વાઘ, હાથી, દીપડો, હરણ |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 1, 2 અને 4
(D) 1, 2, 3, અને 4

83. નીચેનામાંથી દરિયાઈ કિનારો ધરાવતા જિલ્લાનો વિકલ્પ પસંદ કરો:
1. જુનાગઢ
2. ખેડા
3. નવસારી
4. વડોદરા
5. મોરબી
નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1, 2, 3 અને 4
(C) ફક્ત 1, 3 અને 5
(D) ફક્ત 1, 3, 4 અને 5

84. ગુજરાતનાં જિલ્લાઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. સૌથી વધુ જિલ્લાઓ સાથે સરહદ ધરાવતો જિલ્લો એક માત્ર અમદાવાદ જિલ્લો છે.
2. એક જ જિલ્લા સાથે સરહદ ધરાવતો જિલ્લો એક માત્ર વલસાડ છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

85. ગુજરાતની નદીઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. મહી નદી કર્કવૃતને બે વાર ઓળંગતી ભારતની એક માત્ર નદી છે.
2. ગુજરાતના સૌથી વધુ જિલ્લામાંથી પસાર થતી નદી સાબરમતી છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

86. ભારતની પ્રમાણ સમયરેખા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. ભારતના પ્રમાણ સમયની રેખા 82°30' પૂર્વ રેખાંશવૃત છે.
2. તે સાત રાજ્યોમાંથી પસાર થાય છે.
3. તેનો સ્થાનિક સમયથી પૂર્વ ભારતનો સમય એક કલાક આગળ છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) ફક્ત 1

87. ભારતમાં જમીનના પ્રકાર વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. ભારતના કુલ ક્ષેત્રફળના લગભગ 43% ક્ષેત્રફળમાં કાંપની જમીન ફેલાયેલી છે.
2. આવી જમીનનું નિર્માણ નદીઓ દ્વારા નિક્ષેપિત કાંપને આભારી છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

88. દલદલ પ્રકારની જમીન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. આ જમીનમાં ક્ષારો અને જૈવિક પદાર્થો ઓછા હોય છે.
2. આ જમીનમાં પોટાશ અને ફોસ્ફેટ વધારે પ્રમાણમાં હોય છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

89. ભારતમાં ગેંડા પરિયોજના વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ યોજના એક શિંગી ભારતીય ગેંડાના સંરક્ષણ માટે બનાવવામાં આવી છે.
2. ‘રાઈનો વિઝન’ (Rhino Vision) 2020ની વ્યૂહરચના અનુસાર ભારતમાં ગેંડાની સંખ્યા 3000 સુધી લઈ જવાનો લક્ષ્યાંક રખાયો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

90. નીચેના વિધાનો ધ્યાને લો:

1. ખેતપેદાશ માટેનું દેશનું પ્રથમ રેલવે ટર્મિનલ ઊંઝા ખાતે બન્યું છે.
2. તે અંતર્ગત ઊંઝા-કંડલા વચ્ચે કન્ટેનર ટ્રેન સેવા શરૂ કરાઇ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

91. આઇસીસી ચેમ્પિયન ટ્રોફી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આઇસીસી ચેમ્પિયન ટ્રોફીનો સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર બેન ડકેટના નામે છે.
2. આઇસીસી ચેમ્પિયન ટ્રોફીનો ભારતીય સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર શુભમન ગિલ ધરાવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

92. કેન્દ્ર સરકારના પ્રાણીમિત્ર એવોર્ડ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જામનગર સ્થિત વનતારાને કેન્દ્ર સરકારના આ રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યું.
2. વનતારાનું આધુનિક હાથી સંભાળ કેન્દ્ર આ સન્માનનું મુખ્ય આધાર છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

93. સૂફી ફેસ્ટિવલ જહાન-એ-ખુસરો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સુપ્રસિદ્ધ ગીતકાર જાવેદ અખ્તર દ્વારા આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.
2. ફેબ્રુઆરી-માર્ચ-25માં યોજાયેલ આ મહોત્સવમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ હાજરી આપી હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

94. તાજેતરમાં નીચેનામાંથી કોની નિમણૂક રતન ટાટા એનડોમેન્ટ ફાઉન્ડેશનના પ્રમુખ તરીકે કરવામાં આવી છે?

(A) સાયરસ મિસ્ત્રી
(B) નોએલ ટાટા
(C) શાંતુનુ નાઈડુ
(D) એન.ચંદ્રશેખરન

95. તાજેતરમાં ઉત્તરાખંડમાં થયેલા હિમસ્ખલન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે ચમોલી જિલ્લાના માણા ગામની પાસે થયું હતું.
2. તેની નજીક આવેલું યાત્રાધામ બદ્રીનાથ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

96. નાસા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. નાસાએ ચંદ્ર પર પાણીની ઉપસ્થિતિ શોધવા માટે લૂનર ટ્રેલબ્લેઝર લોન્ચ કર્યું છે.
2. તેનો આકાર ડિશવોશર જેવો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

97. વાયુસેનાની જગુઆર ફાઇટર જેટ સ્કવોર્ડનમાં કાયમી નિમણૂક મેળવનારી પ્રથમ મહિલા કોણ છે?

(A) મોહના સિંહ
(B) તનુષ્કા સિંહ
(C) અવની ચતુર્વેદી
(D) અનન્યા શર્મા

98. ભારતના પ્રથમ વિશ્વશાંતિ કેન્દ્ર વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. અહિંસા વિશ્વભારતીના સ્થાપક આચાર્ય લોકેશ મુનિના નેતૃત્વમાં તેનું નિર્માણ ગુરુગ્રામમાં થયું છે.
2. ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તેને ખુલ્લુ મૂક્યું હતું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

99. ડિઝિટલ એરેસ્ટ સાયબર ક્રાઇમની ફરિયાદ કરવા માટેના નીચેના વિકલ્પો ધ્યાને લો :

1. ડાયલ કરો: 1008
2. લૉગ ઇન કરો: www.cybercrime.gov.in

ઉપર પૈકી કયું/કયાં સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

100. અમેરિકાએ લાદેલા નવા ટેરિફ દરો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ટેરિફ યાદીમાં બ્રિક્સના પાંચ મૂળ દેશોમાંથી ચીન, ભારત અને બ્રાઝિલ સામેલ છે.
2. રશિયા અને દક્ષિણ આફ્રિકા ઉપર ટેરિફ લાગુ કરાયો નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

101. ઉત્તરાખંડના રોપવે પ્રોજેક્ટ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કેન્દ્રીય કેબિનેટે સોનપ્રયાગથી કેદારનાથ રોપવે પ્રોજેક્ટને મંજૂરી આપી છે.
2. કેદારનાથથી બદ્રીનાથનો રોપવે પ્રોજેક્ટ પણ મંજૂર કરવામાં આવ્યો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

102. 'રિક્લેમ ધ નાઈટ' અભિયાન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. બિહાર પોલીસે આ અભિયાન શરૂ કર્યું છે.
2. આ અભિયાન મહિલાઓનો વિશ્વાસ જીતવા અને શહેરોમાં રાત્રે પણ સલામતીનો અનુભવ કરાવવા માટે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

103. વર્તમાનમાં ગુજરાતી છાપાંઓમા નીચેનામાંથી કઈ કૉલમ/કોલમો પ્રસિદ્ધ થતી નથી?

1. રણ તો લીલાછમ – ગુણવંત શાહ
2. કેલિડોસ્કોપ – મોહમ્મદ માંકડ
3. અનાવૃત્ત – જય વસાવડા
4. માનસ દર્શન – મોરારીબાપુ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 2 અને 4 (D) ફક્ત 2

104. ભારતીય ફૂટબોલ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતીય ફૂટબોલ ખેલાડી સુનિલ છેત્રીએ નિવૃત્તિ પાછી ખેંચવાની જાહેરાત કરી છે.
2. તેઓ આગામી ફિફા ફ્રેન્ડલી સિરિઝમાં ભારતીય ટીમનું નેતૃત્વ કરશે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

105. અમેરિકાની ગુપ્તચર એજન્સી FBIના વર્તમાન વડા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. તેઓ ભારતીય મૂળના ગુજરાતી કાશ પટેલ છે.
2. તેમણે હોદ્દો ગ્રહણ કરતી વખતે ભગવદ્ ગીતા પર હાથ રાખી શપથ લીધા હતા.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

106. વર્તમાનમાં રમાયેલી ચેમ્પિયન્સ ટ્રોફી વિશે નીચેનું વિધાન ધ્યાને લો:
'અંગ્રેજોને ઇંગ્લિસે હરાવ્યા'. – આ વિધાન કયા દેશના ક્રિકેટરના સંદર્ભે છે?
(A) દક્ષિણ આફ્રિકા (B) ઓસ્ટ્રેલિયા
(C) ન્યુઝીલેન્ડ (D) ઈંગ્લેન્ડ

107. RBIના પૂર્વ ગવર્નર શશિકાંત દાસ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. તાજેતરમાં તેમની નિમણૂક આર્થિક બાબતોના સચિવ તરીકે કરવામાં આવી છે.
2. ભૂતકાળમાં તેઓ વડાપ્રધાનના બીજા પ્રધાન સચિવ તરીકે ફરજ બજાવી ચૂક્યા છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

108. આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. દર વર્ષે ૨૧ ફેબ્રુઆરીના રોજ વિશ્વભરમાં ઉજવવામાં આવે છે.
2. ૨૧ ફેબ્રુઆરી એ બાંગ્લાદેશ (તે સમયે પૂર્વ પાકિસ્તાન)ના લોકોએ બાંગ્લા ભાષાને માન્યતા અપાવવા માટે આપેલી લડતની વર્ષગાંઠ છે
3. 24 ઓગસ્ટના રોજ વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉજવણી કરવામાં આવે છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

109. ભારતના રાજ્યોના રાજ્યપાલો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. ગુજરાતમાં આચાર્ય દેવવ્રત સૌથી વધુ સમય સુધી આ પદ પર રહેનારા ગુજરાતના પ્રથમ રાજ્યપાલ છે.
2. એલ. નરસિંમ્હન દેશમાં સૌથી વધુ 12 વર્ષ સુધી માત્ર આંધ્ર પ્રદેશમાં રાજ્યપાલ પદે રહ્યા.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

110. મોરેશિયસના રાષ્ટ્રીય દિવસ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. 12મી માર્ચના રોજ મોરેશિયસ તેનો રાષ્ટ્રીય દિવસ ઉજવે છે.

2. શ્રી નરેન્દ્ર મોદી 2025ના મોરેશિયસના રાષ્ટ્રીય દિવસના મુખ્ય અતિથિ હતા.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

111. પૂર્ણિમા દેવી બર્મન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ટાઈમ મેગેઝિનના વિમેન ઓફ ધ યર-૨૦૨૫ની યાદીમાં સ્થાન મેળવનાર એક માત્ર ભારતીય મહિલા છે.

2. વન્યજીવન સંરક્ષણને પાયાના સ્તરે ચળવળમાં ફેરવવા માટે “હરગીલા આર્મી” મહિલાઓના સમર્પિત જૂથની સ્થાપના કરી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

112. ગુજરાતની રાજ્ય સરકાર દ્વારા બિનકાર્યક્ષમ કર્મચારીઓને ફરજિયાત નિવૃત્ત કરવાનું અભિયાનને કયું નામ આપવામાં આવ્યું છે?

(A) ઓપરેશન શુદ્ધિકરણ (B) ઓપરેશન ગંગાજળ

(C) ઓપરેશન ઓઝોન (D) ઓપરેશન સ્વચ્છતા

113. દિલ્લીના નવનિયુક્ત મુખ્યમંત્રી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આતિશી માર્લેના પછી રેખા ગુપ્તા દિલ્લીના બીજા મહિલા મુખ્યમંત્રી છે.

2. તેમણે 2025ની વિધાનસભા ચૂંટણીમાં શાલીમાર બાગ વિધાનસભા બેઠક પરથી જીત મેળવી હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

114. અમદાવાદ શહેર વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. શહેરની નગરદેવી માતા ભદ્રકાળી છે.

2. માતા ભદ્રકાળીની 614 વર્ષ પછી 26મી ફેબ્રુઆરીએ નગરયાત્રા યોજાઈ હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

115. તાજેતરમાં બનેલી ઘટનાઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. કેરલાપેંડા ગામના લોકોએ પંચાયતની ચૂંટણીમાં પ્રથમ વખત મતદાન કર્યું.
2. કેરલાપેંડા કશ્મીરમાં આવેલું આતંકગ્રસ્ત ગામ છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

116. નાણાકીય સાક્ષરતા સપ્તાહ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. તેનું આયોજન આરબીઆઇ દ્વારા કરવામાં આવે છે.
2. આ વર્ષે 10મા નાણાકીય સાક્ષરતા સપ્તાહની થીમ મહિલાઓની સમૃદ્ધિ છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

117. ભારતીય મહિલા હોકી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. સવિતા પૂનિયા 300 આંતરરાષ્ટ્રીય મેચ રમનાર મહિલા છે.
2. તેઓ વંદના કટારિયા પછી આ સિદ્ધિ મેળવનાર બીજી મહિલા છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

118. તાજેતરમાં અવસાન પામેલાં માયાધર રાઉત વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. માયાધર રાઉત ભારતીય શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપ ઓડિસીના ઘડવૈયા છે.
2. તેઓ પદ્મભૂષણ પુરસ્કારથી સન્માનિત છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

119. એક પ્રશ્ન આપવામાં આવ્યો છે, ત્યારબાદ બે નિવેદન I અને II આપવામાં આવ્યા છે. પ્રશ્ન અને નિવેદનો પર વિચાર કરો.
પ્રશ્ન: પાણીની ટાંકી ભરવામાં કેટલો સમય લાગશે?
નિવેદન I: પાણીની ટાંકીની ક્ષમતા 600 લીટર છે.
નિવેદન II: પાણી 5 લીટર પ્રતિ મિનિટની દરે ટાંકીમાં ભરાઈ રહ્યું છે.
નીચેનામાંથી કયું એક નિવેદન ઉપરોક્ત પ્રશ્ન માટે યોગ્ય છે?
(A) પ્રશ્નને એક નિવેદનનો ઉપયોગ કરીને ઉત્તર આપી શકાય, પણ બીજું નિવેદન એકલું ઉપયોગી નથી.
(B) પ્રશ્નને કોઈપણ એક નિવેદનનો ઉપયોગ કરીને ઉત્તર આપી શકાય.
(C) પ્રશ્નને બંને નિવેદનોનો ઉપયોગ કરીને ઉત્તર આપી શકાય, પરંતુ કોઈપણ એક નિવેદનનો ઉપયોગ કરીને ઉત્તર આપી શકાય નહીં.
(D) પ્રશ્નને બંને નિવેદનોનો ઉપયોગ કરીને પણ ઉત્તર આપી શકાય નહીં.

120. નીચે એક પ્રશ્ન આપવામાં આવ્યો છે, ત્યારબાદ બે નિવેદન I અને II આપવામાં આવ્યા છે. પ્રશ્ન અને નિવેદનો પર વિચાર કરો.

પ્રશ્ન: શું મશીન X, ફેક્ટરીમાં મશીન Y કરતાં વધુ વસ્તુઓ ઉત્પન્ન કરે છે?

વિધાન-I: મશીન X અને મશીન Y દ્વારા ઉત્પન્ન કરાયેલ કુલ વસ્તુઓની સંખ્યા, મશીન Z અને મશીન W દ્વારા ઉત્પન્ન કરાયેલ કુલ વસ્તુઓની સંખ્યા જેટલી છે.

વિધાન-II: મશીન X અને મશીન W દ્વારા ઉત્પન્ન કરાયેલ કુલ વસ્તુઓની સંખ્યા, મશીન Y અને મશીન Z દ્વારા ઉત્પન્ન કરાયેલ કુલ વસ્તુઓની સંખ્યા કરતાં વધુ છે.

આ પ્રશ્ન અને વિધાનોના સંદર્ભમાં નીચેનામાંથી કયું સાચું છે?

(A) પ્રશ્નનો જવાબ એક વિધાનથી આપી શકાય છે, પરંતુ બીજા વિધાનથી આપી શકાતો નથી.

(B) પ્રશ્નનો જવાબ કોઈપણ એક વિધાનથી આપી શકાય છે.

(C) પ્રશ્નનો જવાબ બંને વિધાનો સાથે મળીને આપી શકાય છે, પરંતુ કોઈપણ એક વિધાનથી આપી શકાતો નથી.

(D) પ્રશ્નનો જવાબ બંને વિધાનોનો ઉપયોગ કરીને પણ આપી શકાતો નથી.

121. નીચે એક પ્રશ્ન આપેલ છે, અને તેની સાથે બે વિધાનો I અને II આપેલ છે. પ્રશ્ન અને વિધાનોને ધ્યાનમાં લો:

એક સ્પોર્ટ્સ ક્લબમાં ખેલાડીઓની પ્રેક્ટિસ પરફોર્મન્સના આધારે તેમના સરેરાશ ગુણની ગણતરી કરવામાં આવી. જો ક્લબમાં ખેલાડીઓના સરેરાશ ગુણ 60 હોય, તો કુલ ખેલાડીઓની સંખ્યા કેટલી છે?

વિધાન-I: ક્લબમાં સૌથી વધુ ગુણ 70 છે અને સૌથી ઓછો ગુણ 50 છે.

વિધાન-II: ક્લબમાંથી સૌથી વધુ અને સૌથી ઓછો ગુણ કાઢી નાખવાથી સરેરાશ ગુણમાં કોઈ ફેરફાર થતો નથી.

ઉપરોક્ત વિધાનોના આધારે, કયું નિવેદન સાચું છે?

(A) પ્રશ્નનો જવાબ બંને વિધાનોનો ઉપયોગ કરીને પણ આપી શકાતો નથી.

(B) પ્રશ્નનો જવાબ એક વિધાનથી આપી શકાય છે, પરંતુ બીજા વિધાનથી નથી.

(C) પ્રશ્નનો જવાબ કોઈપણ એક વિધાનથી આપી શકાય છે.

(D) પ્રશ્નનો જવાબ બંને વિધાનો સાથે મળીને આપી શકાય છે, પરંતુ એકલા કોઈપણ વિધાનથી નથી.

122. એક ચોક્કસ કોડ ભાષામાં:
'134' નો અર્થ "સારો અને સ્વાદિષ્ટ" છે.
'478' નો અર્થ "સારો ફોટા જુઓ" છે.
'729' નો અર્થ "ફોટા ઝાંખા છે" છે.
નિષ્કર્ષો:
1. "જુઓ" ને રજૂ કરતો અંક ક્યાં તો 7 અથવા 8 છે.
2. "સારો" ને રજૂ કરતો અંક '134' અને '478' બંનેમાં સમાન છે.
ઉપરના નિષ્કર્ષોમાંથી કયો તાર્કિક રીતે અનુસરે છે?
(A) ફક્ત નિષ્કર્ષ 1 અનુસરે છે
(B) ફક્ત નિષ્કર્ષ 2 અનુસરે છે
(C) નિષ્કર્ષ 1 અને 2 બંને અનુસરે છે
(D) ન તો નિષ્કર્ષ 1, ન તો નિષ્કર્ષ 2 અનુસરે છે

123. એક ફેક્ટરીમાં પાંચ વિવિધ મશીનો P, Q, R, S અને T કાર્યરત છે. આ મશીનોની કાર્યપદ્ધતિ નીચેની શરતો દ્વારા નિયંત્રિત થાય છે:
જો મશીન P કાર્યરત છે, તો મશીન Q અને મશીન S પણ ચાલતા હોવા જોઈએ.
જો મશીન R અને મશીન S બંને કાર્યરત છે, તો મશીન T બંધ હોવું જોઈએ.
નીચેનામાંથી શું નિષ્કર્ષ નીકળી શકે છે?
1. જો મશીન T કાર્યરત છે, તો મશીન P અને R માંથી ઓછામાં ઓછું એક મશીન બંધ હોવું જોઈએ.
2. જો મશીન Q કાર્યરત છે, તો મશીન P પણ કાર્યરત હોવું જોઈએ.
સાચો વિકલ્પ પસંદ કરો:
(A) માત્ર 1
(B) માત્ર 2
(C) બંને 1 અને 2
(D) બંને માંથી કોઈ પણ નહિ

124. એક શાળામાં નવા રૂમ બનાવવા માટે મજૂરો કામ કરી રહ્યા છે. જો 6 પુરુષ મજૂરો અને 8 કિશોર મજૂરો મળીને આ કામ 10 દિવસમાં પૂરું કરે અને 26 પુરુષ મજૂરો અને 48 કિશોર મજૂરો મળીને 2 દિવસમાં પૂરું કરે, તો 15 પુરુષ મજૂરો અને 20 કિશોર મજૂરો તે જ કામ પૂરું કરવામાં કેટલા દિવસ લેશે?
(A) 4 દિવસ
(B) 5 દિવસ
(C) 6 દિવસ
(D) 7 દિવસ

125. એક કંપનીમાં બે ટીમો, ટીમ A અને ટીમ B છે, જેમાં અનુક્રમે 25 અને 30 કર્મચારીઓ છે. ટીમ A માં, સૌથી વધુ ઉત્પાદકતા ગુણ 21 છે, અને સૌથી ઓછો 17 છે. ટીમ B માં, સૌથી વધુ ઉત્પાદકતા ગુણ 30 છે, અને સૌથી ઓછો 22 છે. ટીમ A માંથી ચાર કર્મચારીઓને ટીમ B માં સ્થાનાંતરિત કરવામાં આવે છે.
નીચેના નિવેદનો પર વિચાર કરો:
1. ટીમ B ની સરેરાશ ઉત્પાદકતા ગુણ ચોક્કસપણે ઘટશે.
2. ટીમ A ની સરેરાશ ઉત્પાદકતા ગુણ ચોક્કસપણે વધશે.
ઉપરોક્ત વિધાનોના આધારે, કયું નિવેદન સાચું છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) 1 અને 2 બંને નહિ.

✶ નીચેની માહિતીનો કાળજીપૂર્વક અભ્યાસ કરો અને પ્રશ્નો 126 થી 128 ના જવાબો આપો:

(i) મધુ અને શોભા નાટ્યકલા અને કમ્પ્યુટર સાયન્સમાં સારી છે.

(ii) અંજલી અને મધુ કમ્પ્યુટર સાયન્સ અને ભૌતિકશાસ્ત્રમાં સારી છે.

(iii) અંજલી, પૂનમ અને નિશા ભૌતિકશાસ્ત્ર અને ઇતિહાસમાં સારી છે.

(iv) નિશા અને અંજલી ભૌતિકશાસ્ત્ર અને ગણિતમાં સારી છે.

(v) પૂનમ અને શોભા ઇતિહાસ અને નાટ્યકલામાં સારી છે.

126. કમ્પ્યુટર સાયન્સ, ઇતિહાસ અને નાટ્યકલામાં કોણ સારી છે?

(A) અંજલી
(B) મધુ
(C) શોભા
(D) નિશા

127. ભૌતિકશાસ્ત્ર, ઇતિહાસ અને નાટ્યકલામાં કોણ સારી છે?

(A) પૂનમ
(B) શોભા
(C) મધુ
(D) અંજલી

128. ભૌતિકશાસ્ત્ર, ઇતિહાસ અને ગણિતમાં સારી છે, પરંતુ કમ્પ્યુટર સાયન્સમાં સારી નથી, તેવી વ્યક્તિ કોણ છે?

(A) મધુ
(B) પૂનમ
(C) નિશા
(D) અંજલી

✶ નીચેની માહિતી ધ્યાનથી વાંચો અને પ્રશ્નો 129 થી 131 ના જવાબો આપો:

(i) આઠ વ્યક્તિઓ E, F, G, H, I, J, K અને L એક ચોરસ ટેબલની આજુબાજુ બેઠેલા છે—દરેક બાજુએ બે વ્યક્તિઓ બેઠેલા છે.

(ii) ત્યાં ત્રણ મહિલા સભ્યો છે અને તેઓ એકબીજાની બાજુમાં બેઠેલ નથી.

(iii) J, L અને Fની વચ્ચે છે.

(iv) G, I અને Fની વચ્ચે છે.

(v) H, જે એક મહિલા સભ્ય છે, Jના ડાબી બાજુથી બીજી સ્થાને છે.

(vi) F, જે પુરુષ સભ્ય છે, Eના સામે બેઠેલો છે, અને E એક મહિલા સભ્ય છે.

(vii) F અને I ની વચ્ચે એક મહિલા સભ્ય છે.

129. નીચે આપેલામાંથી કઈ ત્રણ મહિલા સભ્યો છે?

(A) E, J અને G
(B) E, H અને G
(C) G, H અને J
(D) આમાંથી કોઈ નહીં

130. J વિશે નીચેનામાંથી કઈ વાત સાચી છે?

(A) J એ પુરુષ સભ્ય છે
(B) J એ મહિલા સભ્ય છે
(C) J નું લિંગ નક્કી કરી શકાય નહીં
(D) આમાંથી કોઈ નહીં

131. K અને F વચ્ચે કેટલી વ્યક્તિઓ બેઠેલી છે?

(A) એક
(B) બે
(C) ત્રણ
(D) નક્કી કરી શકાય નહીં

132. નીચેના નિવેદનો અને નિષ્કર્ષો પરથી યોગ્ય વિકલ્પ પસંદ કરો: Cancelled

નિવેદનો:

બધા શિક્ષકો ડૉક્ટરો છે.

બધા ડૉક્ટરો ઇજનેરો છે.

બધા ઇજનેરો વિદ્યાર્થીઓ છે.

આપેલ નિવેદનોમાંથી નીચેના નિષ્કર્ષોમાંથી કયો/કયા નિષ્કર્ષ તાર્કિક રીતે અનુસરે છે?

નિષ્કર્ષો:

I. કેટલાક વિદ્યાર્થીઓ શિક્ષકો છે.

II. બધા ડૉક્ટરો વિદ્યાર્થીઓ છે.

III. કેટલાક ઇજનેરો શિક્ષકો છે.

IV. બધા ડૉક્ટરો શિક્ષકો છે.

(A) ફક્ત I અને II અનુસરે છે
(B) ફક્ત I અને III અનુસરે છે
(C) ક્યાં તો I અથવા II, અને III અનુસરે છે
(D) ક્યાં તો II અથવા IV અનુસરે છે

133. એક બાળક રબરના દડા સાથે રમી રહ્યો છે. બાળક દડાને 2 મીટરની ઊંચાઈથી નીચે પાડે છે. દરેક વખતે જ્યારે દડો જમીન પર અથડાય છે, ત્યારે તે તેની પાછલી ઊંચાઈના 1/5 મા ભાગની ઊંચાઈએ પાછો ઉછળે છે. જ્યારે દડાની આગામી ઉછાળની ઊંચાઈ 50 સેમીથી ઓછી હશે ત્યારે દડો ઉછળવાનું બંધ કરશે. દડો ઉછળવાનું બંધ કરે તે પહેલાં તે કેટલી વખત જમીન પર અથડાશે?

(A) 1
(B) 2
(C) 4
(D) 5

134. જ્યારે કોઈ ચોક્કસ સંખ્યાને 3 વડે ગુણાકાર કરવામાં આવે છે, ત્યારે પરિણામી ગુણાકાર સંપૂર્ણપણે એકડાઓનો બનેલો હોય છે (દા.ત., 1111...). આવી સૌથી નાની સંખ્યા કઈ છે?

(A) 1111
(B) 33
(C) 111
(D) 37

★ નીચેની માહિતીને કાળજીપૂર્વક વાંચો અને નીચે આપેલા પ્રશ્ન 135 થી 137 ના જવાબો આપો.

એક મલ્ટી-ક્યુઝીન રેસ્ટોરન્ટ અઠવાડિયાના 7 દિવસમાં 7 વાનગીઓ તૈયાર કરે છે, જે રવિવારથી શરૂ થાય છે, જેમાં દરેક દિવસે માત્ર એક જ વાનગી તૈયાર કરવામાં આવે છે. 7 વાનગીઓ છે – રસમ-રાઇસ, હાક્કા નૂડલ્સ, પનીર ટિક્કા, સંદેશ, ઢોકળા, કાશ્મીરી પુલાઓ અને દાળ-બાટી.

કાશ્મીરી પુલાઓ ઢોકળા કરતાં 2 દિવસ પહેલા તૈયાર કરવામાં આવ્યો હતો. સંદેશ રસમ-રાઇસ પછી તરત જ તૈયાર કરવામાં આવ્યો હતો, જે અઠવાડિયાના ત્રીજા દિવસ પહેલાં તૈયાર કરવામાં આવ્યો ન હતો. ઢોકળા દાળ-બાટી પછી તરત જ તૈયાર કરવામાં આવ્યો હતો, જે પનીર ટિક્કા પછી તૈયાર કરવામાં આવ્યો હતો. પનીર ટિક્કા ન તો રસમ-રાઇસ પહેલાં તરત જ તૈયાર કરવામાં આવ્યો હતો અને ન તો મંગળવારે તૈયાર કરવામાં આવ્યો હતો. હાક્કા નૂડલ્સ ઢોકળા પછી તૈયાર કરવામાં આવ્યો હતો, પરંતુ તરત જ પછી નહીં.

135. શુક્રવારે કઈ વાનગી તૈયાર કરવામાં આવી હતી?

(A) હાક્કા નૂડલ્સ
(B) રસમ-રાઇસ
(C) સંદેશ
(D) દાળ-બાટી

136. દાળ-બાટી અને રસમ-રાઇસ વચ્ચે કેટલી વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી?

(A) 1 (B) 2

(C) 3 (D) કોઈ નહિ

137. છેલ્લે કઈ વાનગી તૈયાર કરવામાં આવી હતી?

(A) સંદેશ (B) હાક્કા નૂડલ્સ

(C) ઢોકળા (D) A અથવા C માંથી કોઈ પણ એક

138. એક ફેક્ટરી X અઠવાડિયા, X દિવસ, X કલાક, X મિનિટ અને X સેકન્ડમાં X બેચનું ઉત્પાદન કરે છે. ઉત્પાદન પ્રક્રિયા માટે કુલ કેટલી સેકન્ડની જરૂર છે?

(A) 694861X (B) 11581X

(C) 694860X (D) 11580X

139. એક ક્વિઝ સ્પર્ધામાં, સહભાગીઓને જારમાં પેન્સિલની સંખ્યા અંદાજવા કહેવામાં આવ્યું હતું. કોઈએ સાચો અંદાજ નહોતો લગાવ્યો, પરંતુ નજીકના અંદાજો 251, 257, 266 અને 270 હતા.

જારમાં પેન્સિલની સાચી સંખ્યા હતી:

એક અંદાજથી 1 યુનિટ દૂર

બીજા અંદાજથી 3 યુનિટ દૂર

ત્રીજા અંદાજથી 10 યુનિટ દૂર

બાકીના અંદાજથી 16 યુનિટ દૂર

જારમાં કેટલી પેન્સિલ હતી?

(A) 256 (B) 258

(C) 260 (D) 267

140. એક ઘઉંનો ખેડૂત અને એક ચોખાનો ખેડૂત અનાજની બોરીઓ બજારમાં લઈ જઈ રહ્યા હતા. ઘઉંના ખેડૂતે ફરિયાદ કરવાનું શરૂ કર્યું કે તેનો ભાર ખૂબ વધારે છે. ચોખાના ખેડૂતે તેને કહ્યું: "તમે શા માટે ફરિયાદ કરી રહ્યા છો? જો તમે મને તમારી એક બોરી આપો, તો મારી પાસે તમારા કરતાં બમણું હશે. પરંતુ જો હું તમને મારી એક બોરી આપું, તો આપણી પાસે સમાન જથ્થો હશે." તેમના દરેક પાસે અનાજની કેટલી બોરીઓ હતી?

(A) ઘઉંનો ખેડૂત: 5 બોરીઓ, ચોખાનો ખેડૂત: 7 બોરીઓ

(B) ઘઉંનો ખેડૂત: 7 બોરીઓ, ચોખાનો ખેડૂત: 5 બોરીઓ

(C) ઘઉંનો ખેડૂત: 6 બોરીઓ, ચોખાનો ખેડૂત: 8 બોરીઓ

(D) ઘઉંનો ખેડૂત: 8 બોરીઓ, ચોખાનો ખેડૂત: 6 બોરીઓ

141. પિતાની વર્તમાન ઉંમર તેમના પુત્રની ઉંમરના ચાર ગણા કરતાં ત્રણ વર્ષ વધુ છે. પાંચ વર્ષ પછી, પિતાની ઉંમર પુત્રની ઉંમરના ત્રણ ગણા કરતાં એક વર્ષ વધુ હશે. પિતાની વર્તમાન ઉંમર શું છે?

(A) 29 (B) 33

(C) 35 (D) 31

142. જો એક હોડી 40 મિનિટમાં 10 માઈલ પ્રવાહની દિશામાં અને 30 મિનિટમાં 5 માઈલ પ્રવાહની વિરુદ્ધ દિશામાં મુસાફરી કરી શકે છે, તો સ્થિર પાણીમાં 1 માઈલ મુસાફરી કરવામાં હોડીને આશરે કેટલો સમય લાગશે?

(A) 4 મિનિટ
(B) 5 મિનિટ
(C) 6 મિનિટ
(D) 7 મિનિટ

143. રવિ અને મનિષાની આવકનો સરવાળો અમિ અને નિમિષાની આવકના સરવાળા કરતાં વધારે છે. રવિ અને અમિની આવકનો સરવાળો મનિષા અને નિમિષાની આવકના સરવાળા જેટલો જ છે. વધુમાં, રવિ, મનિષા અને નિમિષાની આવકના સરવાળાના અડધા જેટલું રવિ કમાય છે. તો કોની આવક સૌથી વધુ છે?

(A) રવિ
(B) મનિષા
(C) અમિ
(D) નિમિષા

144. એક સ્પોર્ટ્સ ક્લબમાં, જુદી જુદી ઊંચાઈના 4 ખેલાડીઓ છે: A, B, C, અને D. D એ A જેટલો ઊંચો નથી અને C જેટલો નીચો નથી. B એ D કરતા નીચો છે પણ C કરતા ઊંચો છે. જો રોહન તેની ટીમ માટે સૌથી ઊંચા ખેલાડીને પસંદ કરવા માંગે છે, તો તેણે કોને પસંદ કરવો જોઈએ?

(A) માત્ર A
(B) માત્ર D
(C) A અથવા D માંથી કોઈ પણ એક
(D) B અથવા D માંથી કોઈ પણ એક

145. ચોપડી સ્ટેન્ડ પર ચાર બુક કવર મૂકવામાં આવ્યા છે. દરેક બુક કવરમાં સમાન સંખ્યામાં પાનાં છે અને તેમાં પાનાંની સંખ્યા વિશેનું એક નિવેદન છે. નિવેદનો આ પ્રમાણે છે:

100 અથવા 120

130 અથવા 140

120 અથવા 130

130 અથવા 100

ફક્ત એક જ નિવેદન સાચું છે. તો દરેક બુક કવરમાં કેટલા પાનાં છે?

(A) 100
(B) 120
(C) 130
(D) 140

146. ધારો કે એક વર્ગમાં 150 વિદ્યાર્થીઓનો સમૂહ છે, જેમાં દરેકને 1 થી શરૂ કરીને અને 2 વધારીને અનન્ય વિષમ રોલ નંબર આપવામાં આવ્યા છે, જેમ કે ક્રમ (1, 3, 5, 7, ..., 297, 299) છે. આ સમૂહમાંથી બરાબર 18 વિદ્યાર્થીઓને પસંદ કરવાની કેટલી રીતો છે જેથી તેમના રોલ નંબરનો સરવાળો બરાબર 191 થાય?

(A) 0
(B) 3
(C) 1
(D) 5

147. ભારતમાં આર્થિક સુધારા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સમગ્રલક્ષી સ્થિરતા (મેક્રો ઇકોનોમિક) સ્ટેબિલાઇઝેશનનો હેતુ અર્થતંત્રમાં પુરવઠો વધારવાનો હતો.

2. માળખાકીય સુધારાનો ઉદ્દેશ અર્થતંત્રમાં માંગને નિયંત્રિત કરવાનો હતો.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

148. ભારતમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. MSMEs સ્થાનિક અને વિદેશની બજારમાં વિવિધ પ્રકારની વસ્તુઓ અને સેવાઓનું વેચાણ કરે છે.
2. MSMEs પાસે ગ્રામીણ અને પછાત વિસ્તારના ઔદ્યોગિકીકરણને પ્રોત્સાહન આપીને પ્રાદેશિક અસંતુલન ઘટાડવાની ક્ષમતા છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

149. નીચેનામાંથી કયું જોડકું સાચું નથી?

(A) ભારતમાલા પરિયોજના – સડક/રોડ પરિવહન
(B) મિશન 41K – રેલવે પરિવહન
(C) પ્રોજેક્ટ ઉન્નતિ – ટેલિકોમ ક્ષેત્ર
(D) UDAN યોજના – નાગરિક ઉડ્ડયન

150. ભારતમાં ટેલિકોમ ક્ષેત્ર વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ટેલિફોન કનેક્શનની દૃષ્ટિએ ભારતીય ટેલિકોમ નેટવર્ક વિશ્વમાં સૌથી મોટું છે.
2. કુલ ટેલિફોનમાં ખાનગી ક્ષેત્રનો હિસ્સો જાહેર ક્ષેત્ર કરતાં વધારે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

151. નીચેનામાંથી કયો ભારતમાં ગ્રામીણ ધિરાણનો બિન સંસ્થાકીય સ્ત્રોત છે?

(A) સહકારી મંડળીઓ
(B) વેપારી બેન્કો
(C) નાણા ધીરનારાઓ
(D) પ્રાદેશિક ગ્રામીણ બેન્કો

152. 1991 સુધી આયોજન હેઠળ અનુસરવામાં આવેલી આર્થિક નીતિની નીચેનામાંથી કઈ વિશેષતા(ઓ) છે?

(A) ઔદ્યોગિકીકરણને પ્રોત્સાહન આપવા માટે જાહેર ક્ષેત્ર પર ભારે નિર્ભરતા હતી.
(B) ખાનગી ક્ષેત્ર સરકાર દ્વારા નિયંત્રિત કરવામાં આવ્યું હતું.
(C) બાહ્ય મોરચે, આયાત અવેજીકરણ અને વિદેશી મૂડીના મર્યાદિત પ્રવાહ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું
(D) ઉપરોક્ત તમામ



[Contd.

153. ભારતમાં આર્થિક સુધારાઓની શરૂઆત માટે નીચેનામાંથી કયું કારણ નહોતું?
(A) જાહેર ક્ષેત્રના એકમોની નબળી કામગીરી
(B) વધતી જતી રાજકોષીય અને ચાલુ ખાતાની ખાધ
(C) વિદેશી હુંડિયામણ ભંડોળમાં ઘટાડો
(D) વસ્તીનો ઉચ્ચ વૃદ્ધિ દર

154. 'ડેમોગ્રાફીક ડિવિડન્ડ'નો સંપૂર્ણ લાભ મેળવવા માટે ભારતએ શું કરવું જોઈએ?
(A) કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપો
(B) વધુ સામાજિક સુરક્ષા અપનાવો
(C) શિશુ મૃત્યુદર ઘટાડો
(D) ઉચ્ચ શિક્ષણનું ખાનગીકરણ કરો

155. ડોમેસ્ટિક સિસ્ટેમેટિકલી ઈમ્પોર્ટન્ટ બેંકસ્ (D-SIBs) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. D-SIBs આરબીઆઇ (RBI) દ્વારા માન્ય છે.
2. જે બેન્કોની અકસ્યામતો GDPના 10%થી વધુ હોય તેને D-SIBs તરીકે ગણવામાં આવે છે.
3. RBI દ્વારા SBI, ICICI બેન્ક અને HDFC બેંકને D-SIBs તરીકે ઓળખવામાં આવી છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) 1, 2 અને 3

156. ભારતીય અર્થતંત્રના વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. જો ફુગાવો ખૂબ ઊંચો હોય, તો RBI સરકારી જામીનગીરીઓ ખરીદે તેવી શક્યતા છે.
2. જો રૂપિયાનું ઝડપથી અવમૂલ્યન થતું હોય તો RBI બજારમાં ડોલર વેચે તેવી શક્યતા છે.
3. જો યુએસએ અથવા યુરોપિયન યુનિયનમાં વ્યાજદરો ઘટશે તો તે RBIને ડોલર ખરીદવા પ્રેરશે તેવી શક્યતા છે.
ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?
(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

157. લખપતી દીદી યોજના વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. તેનો હેતુ મહિલાઓને વાર્ષિક રૂપિયા એક લાખથી વધુ કમાણી કરવા સક્ષમ બનાવવાનો છે.
2. મહિલા લાભાર્થી સ્વસહાય જુથ (SHG)ની સભ્ય હોવી જોઈએ.
ઉપર પૈકી કેટલાં સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

158. RBIના શાખ નિયંત્રણ સાધનોના સંદર્ભમાં વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રિવર્સ રેપોરેટ, વૈધાનિક રોકડતા પ્રમાણ (SLR) અને રોકડ અનામત પ્રમાણ (CRR) એ પરિમાણાત્મક સાધનો છે.

2. શાખ માપબંધી અને નૈતિક સમજાવટ એ ગુણાત્મક સાધનો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

159. ભારતમાં 1950-51થી પાકની પદ્ધતિ અંગે નીચેનામાંથી કયું સાચું નથી?

(A) અનાજ હેઠળના કુલ વિસ્તારના ટકા તરીકે ધાન્ય હેઠળનો કુલ વિસ્તાર ઘટ્યો છે.

(B) તેલીબિયાં હેઠળનો વિસ્તાર ઘટ્યો છે.

(C) અનાજ હેઠળના કુલ વિસ્તારના ટકા તરીકે કઠોળ હેઠળનો કુલ વિસ્તાર વધ્યો છે.

(D) રોકડિયા પાકોમાં શેરડી, કપાસ અને શણ હેઠળનો વિસ્તાર વધ્યો છે.

160. સ્વતંત્રતાની પૂર્વસંધ્યાએ ભારતીય અર્થતંત્ર અંગે નીચેના વિધાનોનો વિચાર કરો:

1. અર્થતંત્ર વાર્ષિક સરેરાશ 3% ના દરે વૃદ્ધિ પામી રહ્યું હતું.

2. જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય અને સાક્ષરતા દર ખૂબ ઓછો હતો.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

161. 1981થી ભારતના વિદેશ વેપારના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન ખોટું છે?

(A) નિકાસ અને આયાત કરાયેલા વસ્તુઓના સ્વરૂપમાં વિવિધતા આવી છે

(B) નિકાસ અને આયાત કરાયેલા વસ્તુઓ અને સેવાઓના મૂલ્યમાં વધારો થયો છે

(C) સામાન્ય રીતે, વેપાર ખાતામાં ખાધ રહી છે

(D) સમયાંતરે આપણા વેપારી ભાગીદારો ઘટયા છે અને તેઓ મોટાભાગે એશિયા અને યુરોપમાં કેન્દ્રિત છે.

162. હાલમાં ભારતીય રૂપિયો ચાલુ ખાતા પર સંપૂર્ણ રીતે પરિવર્તિત છે પરંતુ મૂડી ખાતા પર આંશિક રીતે પરિવર્તિત છે. એવો અભિપ્રાય છે કે મૂડી ખાતા પર પણ રૂપિયાને સંપૂર્ણપણે પરિવર્તિત બનાવવો જોઈએ. આવા પગલાના નીચેનામાંથી કયો/કયા સંભવિત ફાયદો/ફાયદા છે?

(A) વિદેશી મૂડીરોકાણ આકર્ષવામાં મદદ કરે છે, જેનાથી ઝડપી આર્થિક વૃદ્ધિ થાય છે.

(B) નાણાકીય બજારોમાં વધારાની તરલતા

(C) પ્રાદેશિક અસમાનતાઓમાં ઘટાડો

(D) બંને (A) અને (B)

163. RBI અંગે નીચેના વિધાનો ધ્યાને લો:

1. RBIના ગવર્નર RBI એક્ટમાંથી તેમની સત્તાઓ મેળવે છે

2. RBIના ગવર્નર અને ડેપ્યુટી ગવર્નરો સરકાર દ્વારા નામાંકિત કરવામાં આવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

164. ભારતની કૃષિ નિકાસ અને આયાત વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારત કૃષિ પેદાશોનો ચોખ્ખો નિકાસકાર છે અને તેની નિકાસનું મૂલ્ય સતત આયાત કરતાં વધુ રહ્યું છે.

2. ભારતની કૃષિ આયાતમાં બે પેદાશો પ્રભુત્વ ધરાવે છે. - ખાદ્ય તેલ અને કઠોળ

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

165. ભારતમાં હરિયાળી ક્રાંતિની અસરોના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન ખોટું છે?

(A) નિર્વાહ ખેતીથી વાણિજ્યિક ખેતી તરફ એક સ્પષ્ટ પરિવર્તન આવ્યું છે.

(B) વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર વધારો થયો છે.

(C) ભારતે ખાદ્યાન્નમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરી છે.

(D) હરિયાળી ક્રાંતિથી બધા પ્રદેશો અને ખેડૂતોને સમાન રીતે ફાયદો થયો છે.

166. 1950થી 1990 દરમિયાન ઓદ્યોગિક વિકાસની વ્યૂહરચના અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ઔદ્યોગિકરણની પ્રક્રિયામાં જાહેર ક્ષેત્રના એકમોએ મુખ્ય ભૂમિકા ભજવવાની હતી.

2. ઔદ્યોગિકરણની પ્રક્રિયાનું કેન્દ્રબિંદુ 'નિકાસ પ્રોત્સાહન' હતું.

3. સ્થાનિક ઉદ્યોગોને વિદેશી સ્પર્ધાથી સુરક્ષિત રાખવાનો હતો.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

167. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ખાનગીકરણ એ જાહેર માલિકીના સાહસની માલિકી અથવા સંચાલનમાં ખાનગી ક્ષેત્રને સામેલ કરવાની પ્રક્રિયા છે.
2. ખાનગીકરણ (ડિસઇન્વેસ્ટમેન્ટ) એટલે જાહેર ક્ષેત્રના સાહસોની સરકારી શેર મૂડી ખાનગી રોકાણકારને વેચવી. ખાનગી ક્ષેત્રને સામેલ કરવાની પ્રક્રિયા છે.
3. ખાનગીકરણ (ડિસઇન્વેસ્ટમેન્ટ) એ ખાનગીકરણને પ્રોત્સાહન આપવા અને રાજકોષીય ખાધનું સંચાલન કરવા માટેનું એક નીતિગત સાધન છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

168. નીચેનામાંથી કયું વિધાન ખોટું છે?

(A) કૃષિ માર્કેટિંગમાં ખેડૂતો દ્વારા પાકની લણણી અને અંતિમ વેચાણ વચ્ચેની બધી પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.

(B) ગ્રામીણ વિસ્તારોમાં સામાજિક બેન્કિંગની શરૂઆત વેપારી બેન્કોના રાષ્ટ્રીયકરણથી થઈ.

(C) લઘુત્તમ ટેકાના ભાવ (MSP) નીતિ હેઠળ ખેડૂતોને ખુલ્લા બજારમાં MSP કરતાં વધુ કિંમતે તેમની પેદાશ વેચવાની મંજૂરી નથી.

(D) કૃષિ વૈવિધ્યકરણનો અર્થ એ છે કે ખેતરના કેટલાક ઉત્પાદક સંસાધનોને નવી પ્રવૃત્તિઓમાં અથવા નવા પાકોમાં પુન:ફાળવણી કરવી.

169. પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ યોજના પાકોની સાંકડી શ્રેણીને આવરી લે છે, જેમાં ફક્ત ખાદ્યાન્ન અને વાવેતર પાકો સામેલ છે, પરંતુ રોકડિયા પાકો નહીં.
2. PMFBY રાજ્યો માટે સ્વૈચ્છિક છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

170. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કુલ રાષ્ટ્રીય પેદાશ (GNP) = કુલ આંતરિક પેદાશ (GDP)+ વિદેશમાંથી મળતી ચોખ્ખી સાધન આવક
2. GDP કરતાં GNP ત્યારે વધારે હોય છે, જ્યારે વિદેશમાંથી મળતી ચોખ્ખી સાધન આવક ઋણમાં હોય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

171. વિદેશી પ્રત્યક્ષ રોકાણ (FDI) અને વિદેશી સંસ્થાકીય રોકાણ (FII)માં તફાવતના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

(A) FDI ટૂંકા ગાળા માટે છે જ્યારે FII લાંબા ગાળા માટે છે.

(B) FDI સટ્ટાકીય છે જ્યારે FII સટ્ટાકીય નથી.

(C) FII યજમાન દેશમાં રોજગારીની તકો ઊભી કરે છે, જ્યારે FDI કરતું નથી.

(D) FDI નવી ટેકનોલોજી લાવે છે, જ્યારે FIIને યજમાન દેશોમાં ટેકનોલોજી સાથે કોઈ લેવાદેવા નથી.

172. ડોલરની સરખામણીમાં રૂપિયાના મૂલ્યમાં વધારો થવા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જો વિદેશી હુંડિયામણ બજારમાં ડોલરની માંગ ડોલરના પુરવઠા કરતા વધી જાય તો રૂપિયાનું મૂલ્ય વધશે.

2. રૂપિયાના મૂલ્યમાં વધારો થવાથી નિકાસ વધશે અને આયાત ઘટશે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

173. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન (NIP) હેઠળ આર્થિક અને સામાજિક માળખાગત સુવિધાઓના પ્રોજેક્ટ્સ લક્ષ્યાંકિત છે.

2. નેશનલ મોનેટાઈઝેશન પાઇપલાઈન (NMP) ગ્રીનફીલ્ડ અસ્કયામતો (Green assets)ના મૂલ્યમાં વધારો કરવાનો ઈરાદો ધરાવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

174. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કુદરતી ગેસના મુખ્ય ભંડાર મહારાષ્ટ્ર, ગુજરાત, ત્રિપુરા, આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને રાજસ્થાનમાં જોવા મળે છે.

2. કુદરતી ગેસના ઉત્પાદનમાં જાહેર ક્ષેત્રના એકમોનું પ્રભુત્વ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

175. ભારતની રાષ્ટ્રીય વિજ્ઞાન, ટેક્નોલોજી અને નવીનીકરણ નીતિ અંગે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. આ નીતિનો હેતુ ટેક્નોલોજીકલ આત્મનિર્ભરતા પ્રાપ્ત કરીને આગામી દાયકામાં ભારતને ટોચની પાંચ વૈજ્ઞાનિક મહાસત્તાઓમાં સ્થાન આપવાનો છે.
2. આ નીતિ વૈજ્ઞાનિક સંશોધનમાં પાયાના સ્તરના નવીનીકરણ અને સમાવેશને પ્રોત્સાહન આપવા માટે વિકેન્દ્રિત શાસન મોડેલ પર ભાર મૂકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

176. વર્લ્ડ ઇકોનોમિક ફોરમ દ્વારા 2024ની ટોચની 10 ઉભરતી ટેક્નોલોજીઓમાં નીચેનામાંથી કયા ટેક્નોલોજીકલ વિકાસને પ્રકાશિત કરવામાં આવ્યા હતા?

1. વૈજ્ઞાનિક શોધ માટે કૃત્રિમ બુદ્ધિમત્તા (AI)
2. કાર્બન-કેપ્ચરિંગ સૂક્ષ્મજીવો
3. ઇલેક્ટ્રોનિક ઉપકરણો માટે સાર્વત્રિક મેમરી ઘટકો

ઉપર પૈકી કયાં સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

177. ડૉ. મેઘનાદ સાહાના ખગોળ ભૌતિકશાસ્ત્રમાં યોગદાન વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. તેમણે આયનીકરણ સમીકરણ વિકસાવ્યું, જે તત્વોની આયનીકરણ સ્થિતિઓના આધારે તારાઓની ભૌતિક પરિસ્થિતિઓ સમજાવે છે.
2. ક્વોન્ટમ આંકડાશાસ્ત્રમાં તેમના યોગદાન બદલ તેમને ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.
3. આંતરરાષ્ટ્રીય ખગોળીય સંઘ (IAU) ના પ્રમુખ બનનાર તેઓ પ્રથમ ભારતીય વૈજ્ઞાનિક હતા.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 1 અને 3
(D) એક પણ નહીં

178. ભારતની રાષ્ટ્રીય સાયબર સુરક્ષા નીતિ, 2013 હેઠળ ઘટના પ્રતિભાવ માટે નીચેનામાંથી કઈ એજન્સીને રાષ્ટ્રીય નોડલ એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવી છે?

(A) રાષ્ટ્રીય માહિતી વિજ્ઞાન કેન્દ્ર (NIC)
(B) ભારતીય કમ્પ્યુટર ઇમરજન્સી રિસ્પોન્સ ટીમ (CERT-In)
(C) રાષ્ટ્રીય ટેકનિકલ સંશોધન સંગઠન (NTRO)
(D) રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય (NSCS)

179. ભારતના ડિજિટલ પેમેન્ટ ઇકોસિસ્ટમ અને ICT-સંચાલિત નાણાકીય સમાવેશ વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા શરૂ કરવામાં આવેલ ઈ-રૂપિયો (CBDC) પ્રોગ્રામેબલ ડિજિટલ ચલણ તરીકે કામ કરે છે, જે કલ્યાણકારી યોજનાઓમાં શરતી રોકડ ટ્રાન્સફર માટે પરવાનગી આપે છે.
2. ભારત બિલ પેમેન્ટ સિસ્ટમ (BBPS) કોઈપણ મધ્યસ્થી બેંકિંગ ચેનલો વિના ભારત અને SAARC રાષ્ટ્રો વચ્ચે વાસ્તવિક સમયના ક્રોસ-બોર્ડર ચૂકવણીને સક્ષમ કરે છે.
3. NPCI દ્વારા શરૂ કરવામાં આવેલ ડિજીસાથી, એક AI-સંચાલિત ચેટબોટ, UPI, આધાર પેમેન્ટ અને ડિજિટલ બેંકિંગ સેવાઓ માટે વાસ્તવિક સમયની સહાય પૂરી પાડે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

180. IT હાર્ડવેરના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાના પ્રયાસરૂપે, ભારત સરકાર જાન્યુઆરી 2026 થી કયું નીતિગત પગલું અમલમાં મૂકવાની યોજના બનાવી રહી છે?

(A) લેપટોપ અને ટેબ્લેટ પરની આયાત જકાતમાં ઘટાડો

(B) લેપટોપ, ટેબ્લેટ અને પર્સનલ કોમ્પ્યુટર પર આયાત પ્રતિબંધોનો અમલ

(C) સ્થાનિક રીતે ઉત્પાદિત IT હાર્ડવેર ખરીદતા ગ્રાહકો માટે સબસિડી

(D) IT હાર્ડવેરની આયાત કરતી બહુરાષ્ટ્રીય કંપનીઓ માટે કર પ્રોત્સાહનો

181. ભારતની પુનઃ પ્રાપ્ય ઊર્જાક્ષમતા અને પ્રતિબદ્ધતાઓ વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. કેન્દ્રીય બજેટ 2024-25 મુજબ, ભારતે 2030 સુધીમાં 500 GW બિન-અશ્મિભૂત ઇંધણ ઊર્જા ક્ષમતા સ્થાપિત કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે.
2. રાજ્યોમાં પુનઃ પ્રાપ્ય ઊર્જા અપનાવવાનું ઝડપી બનાવવા માટે 30 જૂન, 2025 સુધીમાં શરૂ થનારા પ્રોજેક્ટ માટે આંતર-રાજ્ય ટ્રાન્સમિશન સિસ્ટમ શુલ્ક માફ કરવામાં આવ્યા છે.
3. પ્રધાનમંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન યોજનાનો હેતુ 2027 સુધીમાં ભારતના વીજળીની જરૂરિયાતોના 40% સૌર ઊર્જા દ્વારા પ્રાપ્ત કરવાનો છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

182. ભારતના તેલ અને ગેસ આયાત નિર્ભરતા વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. ભારત તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતના 85% થી વધુ આયાત કરે છે અને વૈશ્વિક સ્તરે ત્રીજો સૌથી મોટો તેલ આયાતકાર છે.
2. 2022 પછી ડિસ્કાઉન્ટેડ કિંમતોને કારણે ભારત-રશિયા ક્રૂડ ઓઈલ વેપારમાં નોંધપાત્ર વધારો થયો છે, જેના કારણે 2023 માં રશિયા ભારતનું ટોચનું તેલ સપ્લાયર બન્યું છે.
3. સરકારના ઇથેનોલ મિશ્રણ કાર્યક્રમ અંતર્ગત, ક્રૂડ ઓઈલની આયાત ઘટાડવા માટે 2025 સુધીમાં 20% ઇથેનોલ-પેટ્રોલ મિશ્રણ લક્ષ્યાંક હાંસલ કરવાનો છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

183. ભારતની રાષ્ટ્રીય વીજળી યોજના (NEP) 2022-32 વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. યોજના લાંબા ગાળાની ઉર્જા સુરક્ષા હાંસલ કરવા અને અશ્મિભૂત ઇંધણ પરની નિર્ભરતા ઘટાડવા માટે પરમાણુ ઊર્જાના વિસ્તરણને પ્રાથમિકતા આપે છે.
2. નેટ-ઝીરો ઉત્સર્જન હાંસલ કરવા માટે 2032 સુધીમાં કોલસા આધારિત વીજળી ઉત્પાદન સંપૂર્ણપણે બંધ કરવું ફરજિયાત છે.
3. યોજના, ગ્રીડમાં તૂટક-તૂટક પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતોને એકીકૃત કરવા માટે બેટરી સ્ટોરેજ અને પમ્પ્ડ હાઇડ્રો સહિત ઉર્જાસંગ્રહ ઉકેલો પર ભાર મૂકે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

184. ભારતના પરમાણુ ઉર્જા કાર્યક્રમમાં થોરિયમના ઉપયોગ વિશે, નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. એડવાન્સ્ડ હેવી વોટર રિએક્ટરને અદ્યતન સલામતી સુવિધાઓ અને વ્યાપારી પરમાણુ ઉર્જાના ઉત્પાદન માટે થોરિયમના ઉપયોગનું નિદર્શન કરવા માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે.
2. થોરિયમ આધારિત રિએક્ટરમાં યુરેનિયમ અથવા પ્લુટોનિયમ ફિશન પ્રક્રિયા શરૂ કરવા માટે જરૂરી છે કારણ કે થોરિયમ પોતે જ શૃંખલા પ્રતિક્રિયાને ટકાવી રાખવામાં અસમર્થ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

185. ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપ (NSG) માં જોડાવાના ભારતના પ્રયાસો સંબંધિત નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. ઇન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી સાથેના વધારાના પ્રોટોકોલનું ભારતનું પાલન તેના NSG અરજીને સમર્થન આપીને પરમાણુ અપ્રસાર પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.
2. 2008 માં ભારતને આપવામાં આવેલ NSG માફી તેને NPT પર હસ્તાક્ષર કર્યા વિના નાગરિક પરમાણુ વેપારમાં જોડાવા માટે પરવાનગી આપે છે.
3. ભારતે NSG સભ્યપદની મંજૂરી માટે યુએન સુરક્ષા પરિષદના તમામ સ્થાયી સભ્યો (P5) ને સફળતાપૂર્વક લોબિંગ કર્યું છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

186. ભારતના પરમાણુ પ્રતિરોધ વ્યૂહરચના વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. ભારત તેના પરમાણુ શસ્ત્રાગારને જાળવવા માટે વિશ્વસનીય ન્યૂનતમ પ્રતિરોધ નીતિનું પાલન કરે છે.
2. INS વિક્રાંત એરક્રાફ્ટ કેરિયર એ ભારતની પરમાણુ સેકન્ડ-સ્ટ્રાઈક ક્ષમતાનો મુખ્ય ઘટક છે.
3. ભારત ત્રિપુટી-આધારિત પરમાણુ પ્રતિરોધ જાળવે છે, જેનો અર્થ છે કે તેની પાસે જમીન, હવા અને સમુદ્રમાંથી પરમાણુ હુમલો કરવાની ક્ષમતા છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 3

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 2

(D) 1, 2 અને 3

187. વ્યાપક પરમાણુ-પરીક્ષણ-પ્રતિબંધ સંધિ (CTBT) સંબંધિત નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. CTBT લશ્કરી અથવા નાગરિક હેતુઓ માટેના તમામ પરમાણુ પરીક્ષણ વિસ્ફોટો પર પ્રતિબંધ મૂકે છે.
2. CTBT વૈશ્વિક સ્તરે અમલમાં આવ્યું છે, જે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ પરમાણુ પરીક્ષણને ગેરકાયદેસર બનાવે છે.
3. ચીન અને યુ.એસ.એ CTBT પર હસ્તાક્ષર કર્યા છે પરંતુ બહાલી આપી નથી, જ્યારે ભારતે તેના પર હસ્તાક્ષર પણ કર્યા નથી અને બહાલી પણ આપી નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

188. જૈવવિવિધતા હોટસ્પોટ્સ અને તેમની અનન્ય લાક્ષણિકતાઓ સંબંધિત નીચેની જોડીઓમાંથી કઈ યોગ્ય રીતે મેળ ખાય છે?

1. સુંડાલેન્ડ: વિશ્વના સૌથી મોટા વ્યક્તિગત ફૂલ રફલેસિયા સહિત સ્થાનિક પરોપજીવી વનસ્પતિ.
2. પશ્ચિમી ઘાટ: ભારતમાં સ્થાનિક ઉભયજીવીઓની સૌથી વધુ સાંદ્રતા.
3. ઈન્ડો-બર્મા: ભારતીય જંગલી ગધેડાની છેલ્લી બાકી રહેલી વસ્તીનું ઘર.
4. હિમાલય: આત્યંતિક આબોહવાની પરિસ્થિતિઓને કારણે આક્રમક વિદેશી પ્રજાતિઓથી સૌથી ઓછી અસરગ્રસ્ત.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1, 2 અને 3
(D) ફક્ત 2 અને 4

189. વૈશ્વિક આબોહવા નીતિમાં કાર્બન બોર્ડર એડજસ્ટમેન્ટ મિકેનિઝમ્સની ભૂમિકાને નીચેનામાંથી કયું યોગ્ય રીતે વર્ણવે છે?

(A) તેઓ કાર્બન લીકેજને રોકવા માટે કાર્બન-સઘન આયાત પર ટેરિફ લાદે છે.
(B) તેઓ સ્વચ્છ ઔદ્યોગિક પ્રક્રિયાઓ અપનાવવા માટે વિકાસશીલ રાષ્ટ્રોને સબસિડી આપે છે.
(C) તેઓ તમામ દેશોમાં એકસમાન ઉત્સર્જન ઘટાડો સુનિશ્ચિત કરવા માટે વૈશ્વિક કાર્બન પ્રાઇસિંગને ફરજિયાત બનાવે છે.
(D) તેઓ વ્યવસાયોને આંતરરાષ્ટ્રીય બજારોમાંથી કાર્બન ક્રેડિટ ખરીદીને ઉત્સર્જનને સરભર કરવાની મંજૂરી આપે છે.

190. વન (સંરક્ષણ) સુધારા અધિનિયમ, 2023 સંબંધિત નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. અધિનિયમ કાનૂની સ્થિતિને ધ્યાનમાં લીધા વિના, તમામ ઇકોલોજીકલ સંવેદનશીલ ઝોનનો સમાવેશ કરવા માટે "જંગલો" ની વ્યાખ્યાને વિસ્તૃત કરે છે.
2. તે વ્યૂહાત્મક સરહદ પ્રોજેક્ટ્સ, જેમ કે રસ્તાઓ અને માળખાકીય સુવિધાઓને, અગાઉની વન મંજૂરીની આવશ્યકતામાંથી મુક્તિ આપે છે.
3. અધિનિયમના અવકાશને વિસ્તૃત કરવા માટે તે પ્રસ્તાવનાનો સમાવેશ કરે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

191. પ્લાસ્ટિક પ્રદૂષણનો સામનો કરવા માટે ભારતના અભિગમ વિશે નીચેના વિધાનોમાંથી કયા સાચા છે?

1. આ નિયમો હેઠળનો એક્સટેન્ડેડ પ્રોડ્યુસર રિસ્પોન્સિબિલિટી ફ્રેમવર્ક પ્લાસ્ટિક ઉત્પાદકોને વપરાશ પછીના પ્લાસ્ટિક કચરાનું સંચાલન કરવા માટે ફરજિયાત બનાવે છે.
2. ભારતે દરિયાકાંઠાના પ્રદેશો અને દરિયાઈ ઇકોસિસ્ટમ્સમાં પ્લાસ્ટિક કચરો ઘટાડવા માટે "સ્વચ્છ સાગર, સુરક્ષિત સાગર" અભિયાન શરૂ કર્યું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

192. વૈશ્વિક ઉષ્ણતા ઘટાડવા માટે કાર્બન ડાયોક્સાઇડ રિમૂવલ (CDR) તકનીકો સંબંધિત નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. ડાયરેક્ટ એર કેપ્ચર (DAC) ટેક્નોલોજી વાતાવરણમાંથી $CO_2$ દૂર કરે છે અને કાયમી ધોરણે તેને ભૂગર્ભમાં સંગ્રહિત કરે છે અથવા ઔદ્યોગિક હેતુઓ માટે તેનો ઉપયોગ કરે છે.
2. બાયોએનર્જી વિથ કાર્બન કેપ્ચર એન્ડ સ્ટોરેજ (BECCS) માં બાયોમાસને ઇંધણમાં રૂપાંતરિત કરવામાં આવે છે અથવા ઊર્જા ઉત્પન્ન કરવા માટે સીધું બાળવામાં આવે છે તે પ્રક્રિયાઓમાંથી $CO_2$ ને કેપ્ચર કરીને કાયમી ધોરણે સંગ્રહિત કરવાનો સમાવેશ થાય છે.
3. યુનાઇટેડ સ્ટેટ્સ અને યુરોપિયન યુનિયન સહિત બહુવિધ દેશો દ્વારા CDR તકનીકોને હાલમાં રાષ્ટ્રીય કાર્બન તટસ્થતા વ્યૂહરચનાઓમાં એકીકૃત કરવામાં આવી રહી છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

193. ઉભરતી તકનીકો અને તેમની એપ્લિકેશનોની નીચેની જોડીઓમાંથી કઈ યોગ્ય રીતે મેળ ખાય છે?

1. ક્વોન્ટમ ડોટ્સ: ઉચ્ચ-રિઝોલ્યુશન ડિસ્પ્લે અને ઇમેજિંગ ટેકનોલોજી
2. DNA ઓરિગામિ: સાયબર સુરક્ષામાં અદ્યતન એન્ક્રિપ્શન
3. કાર્બન નેનોટ્યુબ્સ: એરોસ્પેસ એપ્લિકેશન માટે હળવા છતાં મજબૂત સામગ્રી
4. સ્પિનટ્રોનિક્સ: ભાવિ પેઢીના સૌર કોષો

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

194. CRISPR જીન એડિટિંગ ટેકનોલોજીની નૈતિક ચિંતાઓ સંબંધિત નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. CRISPR ટેકનોલોજીએ "જર્મલાઈન એડિટિંગ" વિશે ચિંતાઓ ઊભી કરી છે, જે ભાવિ પેઢીઓને વારસામાં મળી શકે તેવા કાયમી આનુવંશિક ફેરફારો લાવી શકે છે.
2. બાયોસેફ્ટી પરનો કાર્ટેજેના પ્રોટોકોલ તમામ હસ્તાક્ષર કરનારા દેશોમાં સ્પષ્ટપણે CRISPR- આધારિત જીનોમ એડિટિંગને નિયંત્રિત કરે છે.
3. જો સલામતી સુનિશ્ચિત કરવામાં આવે તો, વૈજ્ઞાનિક સમુદાય માનવ બુદ્ધિ અને શારીરિક લક્ષણોને વધારવા માટે CRISPR ના ઉપયોગને વ્યાપકપણે સમર્થન આપે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1

(D) 1, 2 અને 3

195. ભારતની નીતિઓમાં સંબોધિત નેનોટેકનોલોજીની નૈતિક અને સામાજિક અસરો સંબંધિત નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. ભારતની નેનોટેકનોલોજી નીતિઓમાં નેનોપાર્ટિકલ્સથી પર્યાવરણીય પ્રદૂષણને રોકવા માટે ચોક્કસ માર્ગદર્શિકાનો સમાવેશ થાય છે.
2. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ ખાદ્ય પેકેજિંગ અને ઉમેરણોમાં નેનોમટીરીયલ્સના ઉપયોગ માટે નિયમનકારી માળખું સ્થાપિત કર્યું છે.
3. ભારતીય સરકારે જાહેર જાગૃતિ સુનિશ્ચિત કરવા માટે એન્જિનિયર્ડ નેનોમટીરીયલ્સ ધરાવતા ગ્રાહક ઉત્પાદનોના ફરજિયાત લેબલિંગની રજૂઆત કરી છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

196. રાષ્ટ્રીય બાયોટેકનોલોજી વિકાસ વ્યૂહરચના (NBDS) 2020-2025 સંબંધિત નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. આ વ્યૂહરચના તમામ જિનેટિકલી મોડિફાઇડ પાકો માટે એક સમાન નિયમનકારી માળખું ફરજિયાત કરે છે, જે રાજ્યોમાં સમાન મંજૂરી સમયરેખા સુનિશ્ચિત કરે છે.
2. તેમાં જૈવિક ડેટાને સંગ્રહિત કરવા અને ઍક્સેસને નિયંત્રિત કરવા માટે "રાષ્ટ્રીય ડિજિટલ બાયોબેંક" સ્થાપિત કરવાની જોગવાઈનો સમાવેશ થાય છે.
3. આ નીતિનો ઉદ્દેશ્ય 2025 સુધીમાં ભારતને બાયો-મેન્યુફેક્ચરિંગ અને બાયો-ઇકોનોમીમાં વૈશ્વિક નેતા તરીકે સ્થાપિત કરવાનો છે.

ઉપર પૈકી કયું વિધાન સાચું છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 3

(D) 1, 2 અને 3માંથી એક પણ નહીં

197. ભારતની વૈજ્ઞાનિક સંશોધન સંસ્થાઓ અને તેમના યોગદાન સંબંધિત નીચેના વિધાનો ધ્યાનમાં લો:
   1. ઇન્ટર-યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સ (IUCAA) એ ભારતના પ્રથમ અવકાશ-આધારિત ગુરુત્વાકર્ષણ તરંગ ડિટેક્ટરના વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.
   2. સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કોમ્પ્યુટિંગ (C-DAC) ભારતના પ્રથમ સ્વદેશી સુપર કોમ્પ્યુટર, PARAM 8000 ના વિકાસ માટે જવાબદાર હતું.
   3. ઇન્ડિયન નેશનલ સેન્ટર ફોર ઓશન ઇન્ફોર્મેશન સર્વિસીસ (INCOIS) હિંદ મહાસાગરમાંથી પોલીમેટાલિક નોડ્યુલ્સ કાઢવા માટે ભારતના પ્રથમ ઊંડા સમુદ્ર ખાણકામ પ્રોજેક્ટનું નેતૃત્વ કરી રહ્યું છે.

   ઉપર પૈકી કયું વિધાન સાચું છે?

   (A) ફક્ત 1
   (B) ફક્ત 2
   (C) ફક્ત 3
   (D) 1, 2 અને 3માંથી એક પણ નહીં

198. 1967માં પ્રથમ સ્વદેશી ટ્રેક્ટર 'સ્વરાજ' કઈ ભારતીય સંસ્થાએ વિકસાવ્યું હતું?
   (A) ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR)
   (B) વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ (CSIR)
   (C) હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)
   (D) ભારત હેવી ઇલેક્ટ્રિકલ્સ લિમિટેડ (BHEL)

199. નીચે આપેલી વનસ્પતિ અને તેની ઉપયોગીતા પૈકી ક્યાં જોડકાં સાચાં છે?
   1. લીમડો – જીવાણુ પ્રતિરોધક
   2. તુલસી – શરદી, ઉધરસ, તાવ
   3. હરડે – કબજિયાત અને વાળ અંગેના રોગો
   4. કરંજ – દાંત અને પેઢાના રોગો
   5. સર્પગંધા – લોહીના ઊંચા દબાણના રોગોની સારવાર

   નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) ફક્ત 1, 2, 3 અને 4
   (B) ફક્ત 2, 3, 4 અને 5
   (C) ફક્ત 1, 3, 4 અને 5
   (D) 1, 2, 3, 4 અને 5

200. DRDO કાર્યક્રમો અને તેમના પ્રાથમિક ઉદ્દેશ્યો સંબંધિત નીચેની જોડીઓ ધ્યાનમાં લો:
   1. K-4 મિસાઇલ: સબમરીનથી લોન્ચ થતી બેલિસ્ટિક મિસાઇલ
   2. નિર્ભય: લાંબા અંતરનું હાઇપરસોનિક ગ્લાઇડ વાહન
   3. અસ્ત્ર Mk-II: બિયોન્ડ વિઝ્યુઅલ રેન્જ એર-ટુ-એર મિસાઇલ
   4. વરુણાસ્ત્ર: અદ્યતન હેવીવેઇટ ટોર્પિડો

   ઉપર પૈકી કઈ જોડીઓ સાચી છે?

   (A) ફક્ત 1 અને 3
   (B) ફક્ત 1, 3 અને 4
   (C) ફક્ત 2 અને 4
   (D) 1, 2, 3 અને 4